આજનો સુવિચાર

જ્યારે દુઃખ આવે છે ત્યારે લોકો અટકી જાય છે, જ્યારે સુખ આવે છે ત્યારે લોકો ભટકી જાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦ જૂનાગઢ તા.૨૬-૧૨-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 10, Junagadh : Date : 26 December, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay







## ભારતનાં ૧૧ રાજ્યોમાં કાતિલ ઠંડી સાથે ગાઢ ધુમ્મસ

નવી દિલ્હી તા. ૨૬ : જેમ જેમ ડિસેમ્બર પસાર થઈ રહ્યો છે તેમ તેમ હવામાન ઝડપથી બદલાઈ રહ્યું છે.

દિલ્હી-એનસીઆર, રાજસ્થાન, યુપી, બિહાર સહિત ઉત્તર ભારતના ઘણા ભાગો ઠંડીની ચપેટમાં છે. સખત શિયાળા દરમિયાન ગાઢ ધુમ્મસ આપણને પીડિત કરવાનું ચાલુ રાખે છે. હવામાન વિભાગે રાજધાની દિલ્હી માટે યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આજે અહીં પ્રદૂષણનું સ્તર પણ ખૂબ જ ખરાબ શ્રેણીમાં છે. પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ દિલ્હીમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તર દિલ્હી, ઉત્તર પૂર્વ દિલ્હી, ઉત્તર પમિ દિલ્હી, મધ્ય દિલ્હી, પૂર્વ દિલ્હી, દક્ષિણ પૂર્વ દિલ્હી અને દક્ષિણ દિલ્હી માટે નારંગી ધુમ્મસની ચેતવણી છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં પણ ઓરેન્જ એલર્ટ છે.

ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને તેલંગાણામાં માર્ગ અકસ્માતમાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા. જમ્મુ-કાશ્મીરમાં ઘણી જગ્યાએ પારો શૂન્યથી નીચે ગયો હતો.

ભારતીય હવામાન વિભાગના અહેવાલ મુજબ સોમવારે પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપી અને મધ્યપ્રદેશમાં સવારે ગાઢ ધુમ્મસ રહેશે. ૨૮ ડિસેમ્બર સુધી ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસ જોવા મળી શકે છે. ઓડિશા, ઉત્તરાખંડ, આસામ અને મેઘાલયમાં ઠંડી વચ્ચે ધુમ્મસ સમસ્યાઓમાં વધારો કરી શકે છે.

ભારતીય ચલણને મજબુત બનાવવા ઐતિહાસીક પગલું

## રૂપિયો ગ્લોબલ કરન્સી બનવા તરફ : ડોલરની દાદાગીરી ઘટશે



નવી દિલ્હી તા. ૨૬

ભારતે સંયુક્ત આરબ અમીરાત, UAE પાસેથી ખરીદેલા ક્રૂડ ઓઈલ માટે રૂપિયામાં પ્રથમ ચુકવણી કરી છે. આ સાથે ભારતે તેના ચલણ રૂપિયાને વૈશ્વિક સ્તરે લઈ જવાની દિશામાં પગલાં લીધાં છે.અધિકારીઓએ કહ્યું છે કે ભારત અન્ય તેલ સપ્લાયર દેશો સાથે પણ સમાન રૂપિયાની ચુકવણીના સોદા કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો અમલ કરવો એ એક પ્રક્રિયા છે અને તેના માટે કોઈ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું નથી.

જાહેર ક્ષેત્રની તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનએ અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની પાસેથી ૧ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલની ખરીદી માટે ભારતીય રૂપિયામાં ચૂકવણી કરી છે. આ સિવાય રશિયાથી આયાત થતા ક્રૂડ ઓઈલનો અમુક હિસ્સો પણ રૂપિયામાં ચૂકવવામાં આવ્યો છે. એક અધિકારીએ કહ્યું, 'અમે ધ્યાન રાખવું પડશે કે રૂપિયામાં તેલ ખરીદી માટે ચૂકવણી કરવાથી ખર્ચમાં વધારો ન થાય અને બિઝનેસને કોઈપણ રીતે નુકસાન ન થાય.' તેણે કહ્યું, 'જ્યાં રકમ વધારે નથી ત્યાં રૂપિયામાં સોદો પતાવવામાં બહુ મુશ્કેલી નથી. પરંતુ જયારે દરેક ક્રૂડ ઓઈલ જહાજની કિંમત લાખો ડોલર હોય છે, ત્યારે સમસ્યાઓ હોય છે. ભારત વિશાળ રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે.'

## કોરોનાનાં નવા વેરીયન્ટે ચીનમાં તબાહી મચાવી : સ્મશાનગૃહોમાં મૃતદેહનો ખડકલો

બૈજીંગ તા. ૨૬ : કોરોનાનું નવું સ્વરૂપ જેએન-૧ સમગ્ર વિશ્વમાં તબાહી મચાવી રહ્યું છે. ખાસ કરીને બ્રિટન, ચીન અને અમેરિકામાં. એવું જાણવા મળ્યું છે કે ચીનમાં કોરોનાને કારણે મોટા પાયે મૃત્યુ થઈ રહ્યા છે. મૃત્યુનો આંકડો એટલો વધારે છે કે હેનાન પ્રાંતમાં ૮ સ્મશાન ૨૪ કલાક ચાલે છે, તેમ હિન્દી દૈનિક લાઈવ હિન્દુસ્તાન નોંધે છે. સ્થાનિક અખબારોમાં આ માહિતી આપવામાં આવી છે. આ ઢગલાબંધ મૃત્યુ માટે કોરોનાનો જેએન-૧ વેરિઅન્ટ જવાબદાર છે. ડબલ્યુ.એચ.ઓ. એ જેએન-૧ ને વેરિયેન્ટ ઓફ ઈન્ટ્રેસ્ટ હેઠળ વર્ગીકૃત જાહેર કરેલ છે.

## લદાખ - જમ્મુમાં વહેલી સવારે ૪.૫ની તિવ્રતાનો ભુકંપનો આંચકો




શ્રીનગર,તા.૨૬

લદ્દાખમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકોમાં ગભરાટ ફેલાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૫ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, લદ્દાખ અને લેહમાં સવારે ૪.૩૩ વાગ્યે ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

ભૂકંપનું કેન્દ્ર પાંચ કિલોમીટરની ઊંડાઈએ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં મંગળવારે વહેલી સવારે રિક્ટર સ્કેલ પર ૩.૭ની તીવ્રતા ધરાવતો ભૂકંપ આવ્યો હતો, એમ નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું. ભૂકંપનું કેન્દ્ર પાંચ કિલોમીટરની ઊંડાઈએ હતું.

## મેડીકલેઈમ માટે ઉંમર મર્યાદાને હવે કરાશે દુર

નવી દિલ્હી તા.૨૬

દેશમાં આરોગ્ય વિમા ક્ષેત્રે વધતી જતી જાગૃતિ અને સરકારે પણ ગરીબ લોકો માટે આયુષ્યમાન ભારત વિમા યોજનાથી કરોડો લોકો માટે મફત વિમા છત્ર ઉપલબ્ધ બનાવ્યા બાદ હવે વિમા ઓથોરીટી 'ઈરડા' એ મેડીકલેમ આપતી વિમા કંપનીઓની કેટલીક આકરી શરતો હળવી બનાવવા ભણી આગેકદમ કર્યા છે અને હાલ ૬૫ વર્ષ સુધી જ મેડીકલેમ મળે છે તે ઉમર મર્યાદા દુર કરવા નિર્ણય લીધો છે. હાલ વિમા કંપની ૬૫ વર્ષથી વધુ વયના વ્યક્તિનો મેડીકલેમ લેતી નથી અને જો ખાસ કિસ્સામાં લે છે તેમાં ઉંચા પ્રિમીયમ વસુલે છે પણ હવે વિમા ઓથોરીટી આ મહતમ ઉમરમર્યાદા દુર કરવા જઈ રહી છે. વિમા કંપનીઓને ૬૫ વર્ષ બાદના લોકો માટે એકી સાથે પાંચ વર્ષ કે તેવી મર્યાદાની પોલીસી આપવા માટે જણાવાશે. આ ઉપરાંત વિમા છત્રમાં ચોકકસ બિમારી સમયે ચોકકસ લાભ આપવાની પેકેજ યોજના પણ વિમા કંપનીઓને જણાવાયુ છે. આ ઉપરાંત જો વિમા પોલીસી રીન્યુ સમયે વિમા રકમ અને સમયમાં કોઈ ફેરફાર ન હોય તો પોલીસી ધારકને જે મેડીકલ તપાસ કરાવવી પડે છે તેઓની મુક્તિ આપવા પણ જણાવાયું છે.


ॐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



સૌરાષ્ટ્ર ભૂમિનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

શુધ્ધતામાં હંમેશા અગ્રેસર

રોયલ બ્રાન્ડ

મગફળીનું શુધ્ધ સીંગતેલ

ગોવર્ધન ઓઈલ પ્રોડકટસ

ધોરાજી રોડ, (સાબલપુર) જૂનાગઢ
ફોન : ૨૬૬૧૪૮૯, ૨૬૬૦૮૭૮



સૌરાષ્ટ્ર ભૂમિનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

વિશ્વાસપાત્ર બિયારણ
મેળવવાનું એકમાત્ર સ્થળ

- શાકભાજી બિયારણો
- ઘાસચારા બિજ
- સોયાબિન
- કપાસ
- તુવેર
- દિવેલા
- મગ
- અડદ
- ડુંગળી બિજ
- ગાજર બિયારણ

જલારામ એગ્રો સેન્ટર - જૂનાગઢ

ધ્રુવ ચેમ્બર્સ, હોટલ આનંદ સામે, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ. સંપર્ક : ૯૭૧૪૦ ૪૬૨૦૬
(ફોન કરવાનો સમય : સવારે ૯ થી સાંજે ૭)



ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

GIR KESARI
Premium Quality

દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ

KHODIYAR
MINI OIL MIL

જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે

હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ



ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV
રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# ડો. સુભાષ એકેડેમીના ૪૭માં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

## ખંડન કરે એ નહીં પણ મંડન કરે એ શિક્ષણ છે : પૂજ્ય મૂક્તાનંદ બાપુ






જૂનાગઢ, તા.૨૬

ડો. સુભાષ એકેડેમીના ૪૭માં વાર્ષિકોત્સવ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ પૂજ્યપાદ મુક્તાનંદ બાપુએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવતા ખંડન કરે એ નહીં પણ મંડન કરે એ જ સાચું શિક્ષણ છે કહ્યું હતું કે દીકરીઓએ પુરૂષ સમમોવડી બનવા કરતા ઉત્તમ ગૃહિણી અને માતા બનવું જોઈએ. અનેકમાં એકનું દર્શન કરે અને આપણી આધ્યાત્મિક સંસ્કૃતિનો આધાર છે. શિક્ષણ કાર્ય માટે પેથલજીભાઈ જેવી જાગૃતિ અનિવાર્ય છે. અહીંયા વિદ્યાર્થીને જોઉં છું ત્યારે એમના એમાં ઉર્જાનો સાગર અનુભવું છું. એમણે શીખ આપી હતી વિદ્યાર્થીઓને સફળ થવા માટે ધ્યેય સાથે મન ઉપર વિજય પ્રાપ્ત કરવો પડશે. એમણે ટકોર કરી હતી કે જે ક્ષેત્રમાં હોઈએ એમાં અમો શ્રેષ્ઠતા દાખવી એ જ સારી રાષ્ટ્રસેવા છે. એમણે કહ્યું હતું કે આપણું મન જ કલ્પવૃક્ષ છે એમ કહી કઈ ખુલ્લી આંખે સ્વપ્ર સેવનાર જવાહરભાઈ ચાવડા અને રરાજ ચાવડાને સુભાષ યુનિવર્સિટી માટે બધાય અને શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે પૂજ્યપાદ શેરનાથ બાપુએ દીપ પ્રાગટ્ય વિધિ કરતાં મનુષ્ય શરીરની શ્રેષ્ઠતા અને એના માટે શિક્ષણ તેમજ આદર્શ વિચારોનું સેવન કરવાની ભાવના પ્રગટ કરી હતી. એમણે કહ્યું હતું કે દીકરીઓમાં દયા ખૂબ હોય છે અને એમાં શિક્ષણ ભળતા અલૌકિક વિવેક આવે છે. એમણે ભાર દઈ કહ્યું હતુ કે સમાજને ઉન્નત શિખર ઉપર લઈ જવા માટે શિક્ષિત બનવું જરૂરી છે. જવાહરભાઈની સરળતા અને સહજતા મને હંમેશા સ્પર્શે છે, એમ કહી જવાહરભાઈના પ્રયાસોને સફળ બનાવવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી અને સાથે સાથે સમયનો સદુપયોગ કરવાની શીખ આપી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપ્રેમી સંત પૂજયપાદ આત્માનંદ સરસ્વતીએ ચારિત્રય વિનાના મનુષ્યની કોઈ કિંમત નથી અને પ્રેમ વિનાનું જીવન લુખ્ખું છે એમ કહી જે પ્રતિક્ષણ મનુષ્ય બનતા શીખવે એ જ શિક્ષણ છે, એમ કહી સૌને વ્યસન અને ફેશનથી દૂર રહેવાની સલાહ આપી હતી. એમણે કહ્યું હતું કે વર્ગ કરતાં પણ માના ગર્ભમાં અપાતા સંસ્કાર મોટા છે. સ્ત્રીની કુખમાં જ વિશ્વનું કલ્યાણ સમાયેલું છે. એટલે માણસ નામ અને રૂપથી નહીં પણ સદાચારથી ઓળખાવો જોઈએ એમણે ભાર દઈ કહ્યું હતું કે બાળકોને તંદુરસ્ત બનાવે એવા ખાન પાન આપવાની જવાબદારી મા-બાપની છે. વિદ્યાર્થી રોટલાર્થી ન બનવો જોઈએ શિક્ષકે પણ વિદ્યાર્થી થવું પડશે વિદ્યાર્થીએ અરીસા સામે નહીં પણ આદર્શો તરફ જોવું પડશે.

વિચાર આચારમાં પરિણામ હોવો જોઈએ. પહેલા માણસ બનો પછી જ વિકાસ અને અધ્યાત્મ તરફ વળી શકાય. ચિંતા આપણને કોરી ખાય છે અને ચિંતા આપણને દોરી જાય છે. આ જગત એક મહાન પાઠશાળા છે જેમાં સંસ્કાર અને શિક્ષણથી જીવન સાકાર થાય છે.

આ પ્રસંગે સંસ્થાને આશીર્વાદ પાઠવવા માટે પધારેલા પૂજ્યપાદ ઈન્દ્રભારતી બાપુ તથા રાજેન્દ્ર દાસ બાપુ, વિજય બાપુ, સાધવી રાજેશ્વરી મૈયા, હરીહરાનંદ બાપુ, મહાદેવ ગીરીબાપુ સૌએ વિશેષ ઉપસ્થિત રહી શ્રી જવાહરભાઈ અને રાજ ભાઈને આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમનો આરંભ પ્રાર્થનાથી થયો હતો. ત્યારબાદ રાજભાઈ ચાવડાએ સૌને આવકારતા પેથલજીભાઈ નુ સ્મરણ કરી આનંદ વ્યકત કર્યો હતો. જવાહરભાઈએ ઉપસ્થિત સંતોને ફૂલહાર પહેરાવી વિશેષ વંદના કરી હતી.. આ પ્રસંગે સંતોના હસ્તે સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થયું હતું. તેમજ સંતોને ભેટ અર્પણ કરી તેમના આશીર્વાદ લીધા હતા. વિશેષમાં ડો. સુભાષ યુનિવર્સિટીનું વિઝન એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવી રજૂ કર્યુ હતું. એના માટે ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાથી આવકાર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન કરતા બલરામભાઈ ચાવડાએ સૌને હૃદયપૂર્વક આવકાર્યા હતા અને પેથલજીભાઈને યાદ કરી ઘરે ઘરે દીવો પેટાવાની વાત કરી હતી.

કાર્યક્રમનું સમાપન મેઘના ચાવડાએ કરતા સૌ પ્રત્યે કૃતજ્ઞ ભાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કાળાભાઈ ચાવડા, અમુદાનભાઈ ગઢવી, યોગીભાઈ પઢીયાર, ઈકબાલભાઈ મારફતિયા, બાલુભાઈ જાદવ, વાટલીયા સાહેબ, મીતાબેન, રમાબેન ,પુષ્પાબેન, રિયાબેન, નાગદાનભાઈ ચાવડા, ભરતભાઈ હેરભા, રાજુભાઈ ભેડા, રાજુભાઈ ડાંગર, નરેન્દ્રભાઈ જળુ, વાછાણી, લાભુભાઈ ખીમાણીયા, ઘનશ્યામભાઈ હેરભા, ભીખાભાઈ ચૌહાણ અને અનેક શ્રેષ્ઠિઓ અને શિક્ષણકારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાત્રે સાધ્વી ડો. રાજેશ્વરી મૈયાએ આધ્યાત્મિક સંસ્કૃતિક કાર્યક્રમને ઉજાગર કરતા રંગારંગ કાર્યક્રમનું ઉદઘાટન કરતાં સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ડો. સુભાષ રંગ ભવન ઉપર એકેડેમીની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક સંસ્કૃતિનું ગૌરવ વધે એ રીતે રજૂઆત કરી ઉપ સ્થિત સૌ કોઈના દિલ જીતી લીધા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડો. સુભાષ એકેડેમીના વિવિધ સંસ્થાઓના વડાઓએ અને કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ગાયત્રી શકિતપીઠ ખાતે સ્વ.જીકુબા નારસિંહભાઈ પઢીયારની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.૨૬

ગાયત્રી શકિતપીઠ ખાતે સ્વર્ગસ્થ જીકુબા નારસિંહભાઈ પઢીયારની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે યોગીભાઈ પઢીયાર પરિવાર જૂનાગઢના સહયોગ દ્વારા ૩૯૭મો નેત્રયજ્ઞ તેમજ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં આયુર્વેદિક તેમજ હોમિયોપેથી દવાના નિષ્ણાંત ડોકટરો દ્વારા ચિકિત્સા કરવામાં આવી હતી નેત્રયજ્ઞના ઓપરેશન માટે ૩૦ લોકો અને અન્ય આંખના રોગો માટેના ૧૬ દર્દીઓને તપાસી વીરનગર શિવાનંદ હોસ્પિટલ ખાતે તમામ લોકોના મોતિયા અને જામરનું ઓપરેશન વિના મૂલ્યે કરી આપવામાં આવશે, હાર્ટ અને ડાયાબિટીસના ૮૦ દર્દીઓ આસિસ્ટન્ટ સિવિલ સર્જન ડો. કરંગીયા દ્વારા તપાસવામાં આવેલ તેમજ આયુર્વેદિક ડોક્ટર કરંગીયા તથા જિલ્લા આરોગ્ય અધિકારી ત્રિવેદી તેમજ તેમના સ્ટાફ દ્વારા ૧૩૦ થી વધુ દર્દીઓને તપાસ કરી દવા આપેલ તેમ જ હોમિયોપેથીક ડો.પંડ્યા દ્વારા ૩૫ થી વધુ દર્દીઓને તપાસેલ અને પંચકર્મા આયુર્વેદના ડોક્ટર શિવકૃષ્ણ શાસ્ત્રી દ્વારા પણ લોકોને પંચકર્મો વિશે માહિતી આપી દવા આપેલ. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ કરેલ. આ તકે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ભાજપા ઉપાધ્યક્ષ અશોકભાઈ ભટ્ટ, સમસ્ત સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, બ્રહ્મસમાજ અગ્રણી શૈલેષભાઈ દવે અને સત્યમ સેવા યુવક મંડળના મનસુખભાઈ વાજા એ વિશેષ હાજરી આપી હતી. તદુપરાંત ટીબી પેશન્ટને કાચા સીધુ સામાનની ૪૦ કીટ અને અન્ય જરૂરિયાત મંદને ૫૦ કીટનું જમનાદાસબાપુ મોરબીના સહયોગથી વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેન્દ્રસિંહ પઢિયાર, નરેન્દ્રસિંહ પઢિયાર તેમજ જયસિંહ પઢીયારે જહેમત ઉઠાવી હતી અને પઢિયાર પરિવાર દ્વારા અપીલ કરતાં જણાવ્યું છે કે, ગાયત્રી મંદિરે દર મહિનાના ચોથા શનિવારે આ સેવાકીય યજ્ઞ થાય છે જેમાં સૌ કોઈ આર્થિક સહયોગ આપી પુણ્યમાં નિમિત બનવું જોઈએ.

# પ્રજાલક્ષી કલ્યાણ યોજનાઓનો લાભ ઉપલબ્ધ કરાવવાની ગેરેન્ટી સાથે પહોંચેલા વિકસીત ભારત સંકલ્પરથનું વિસાવદરનાં નગરજનો દ્વારા ભવ્ય સ્વાગત

## મોદી સરકારની ગેરંટીવાળી ગાડી, વંચિત લાભાર્થીઓ સુધી યોજનાકીય માહિતી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે : પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા




જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ જિલ્લાનાં વિસાવદર ખાતે પુર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાની વિશેષ ઉપસ્થિતિમાં નગરજનોએ ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નું ભવ્ય સ્વાગત કર્યુ હતું. હર્ષદભાઈએ જણાવ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંચિત અને અંત્યોદય પરિવારોની સાચા અર્થમાં દરકાર કરી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવળી રાજય સરકારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી અંત્યોદય પરિવારો સુધી કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે શિક્ષણ, પોષણ, સ્વાસ્થ્ય, આવસિય, ખેતીલક્ષી, મહિલાલક્ષી અનેક યોજનાઓ અમલી બનાવીને વંચિતોનાં સર્વાંગી વિકાસને કેન્દ્ર સ્થાને રાખ્યું છે.

સંકલ્પયાત્રાના માધ્યમથી વિસાવદરનાં નગરજનોએ વડાપ્રધાનશ્રીના પ્રેરક ઉદબોધન અને યોજનાઓની માહિતીસભર ટૂંકી ફિલ્મ નિહાળીને વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટેની પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા સામુહિક શપથ ગ્રહણ કર્યા હતા.

"નગરજનોએ "ધરતી કરે પુકાર કે" થીમ હેઠળ પ્રેરક સંદેશો આપતા સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળ્યો હતો. મેરી કહાની મેરી જુબાની હેઠળ લાભાર્થીઓએ યોજનાકીય લાભ અંગે પોતાના અનુભવોને નગરજનો સમક્ષ રજુ કર્યા હતા. પંચાયતની સિધ્ધિઓ, લાભાર્થીઓ તેમજ ઉત્કૃષ્ટ કામગીરી બદલ મહિલા-બાળકોને પ્રમાણપત્ર, સહાય તેમજ સન્માનિત કરાયા હતા.

દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન દિવંગત અટલજીની જન્મ જયંતી નિમિત્તે તેમની સ્મૃતિમાં દર વર્ષે ૨૫ ડિસેમ્બરના રોજ "સુશાસન દિવસ" અંતર્ગત વિસાવદર નગરપાલીકા હાઈસ્કુલનાં પટાંગણમાં વિકસીત ભારત સંકલ્પ રથ સમયે ઉપસ્થિત અગ્રણીઓએ અટલબિહારી બાજપેયીને સ્મીત્વંદના કરી જણાવ્યું કે કર્મચારીઓ કર્મયોગી બનીને જ્યારે છેવાડાના નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ તેમના ઘર સુધી પહોંચાડી રહ્યા છે. ગુજરાત સમગ્રદેશનાં અન્ય રાજ્યોનું રોલ મોડલ બનીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સુશાસનની એક નવી પરિભાષા નક્કી કરી આગળ વધી રહ્યુ છે ત્યારે તેનો સીધો લાભ છેવાડાના નાગરિકોને મળી રહ્યો છે, પારદર્શકતા, જવાબદેહી, સંવેદનશીલતા, ભેદભાવ વિનાનું કાર્ય, અસરકારકતા સાથે સરકારે ઈ -ગવર્નન્સને પ્રાધાન્ય આપીને લાભાર્થી યોજનાઓના લાભથી વંચિત ન રહી જાય તે દિશામાં સરકાર દ્વારા સુદ્રઢ રીતે એક મુહિમ બનાવી જનહિતાર્થે સેવા પૂરી પાડવામાં આવી રહી છે.

આ પ્રસંગે અગ્રણી જશુભાઇ બસીયા, નાગજીભાઇ પરમાર, જયેન્દ્ર દાહિમા, નગપાલીકા હાઈસ્કુલનાં આચાર્ય પંકજ દાહીમા, પ્રેમપરા માધ્યમિક શાળાનાં આચાર્ય પરમાર, ભાવેશ ડોબરીયા, ગફારભાઈ, કૌશીકભાઇ વાઘેલા, ચિફ ઓફીસર રામભાઇ કરમટા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન. શાળાનાં ચાંદુ દિપરાજ બદરૂભાઈ અને કીશન કેરવા અને સંજય ઘાવરીએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શૌર્યગીતત તબલાવાદન અને વકતૃત્વમાં પોતાની કાબેલીત રજુ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સંકલીત બાળ વિકાસ યોજનાના તારાબેન, નગરપાલીકાનાં ઈજનેરશ્રી વિશાલ પાંભર, રાજુ ભટ્ટ, સત્યજીત દાહીમા, મહેશ જોષી સહિત કર્મયોગીઓએ જહેમ ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાનાં શિક્ષક મયુર ઉંધાડે સંભાળ્યુ હતુ. કાર્યક્રમનાં અંતે આભાર દર્શન રમણીકભાઈ ગોહિલે કર્યુ હતુ.

# ગુજરાત હાઈકોર્ટની એસોસિએશનની ચૂંટણીમાં આકાશ પંડયાનો શાનદાર વિજય

## આકાશ પંડયાને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના પાઠવતા : પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી



અમદાવાદ, તા.૨૬

ગુજરાત બાર એસોસિએશનના નિયમો અંતર્ગત રાજયની ૨૭૨ બાર એસોસિએશનની ચૂંટણી પ્રક્રિયામાં અમદાવાદ હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનમાં મેનેજીંગ કમિટી મેમ્બરમાં આકાશ જયંતકુમાર પંડયાનો સૌથી વધુ મત મેળવી ઐતિહાસિક વિજય પ્રાપ્ત થયો હતો. સતત ત્રીજીવાર વિજય હાંસલ કરતા રાજયભરમાંથી અભિનંદન વર્ષાના હક્કદાર સાબિત થયા હતા.

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સન્માન સાથે શુભકામના પાઠવતા ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. વકીલોના પ્રશ્નોને અગ્રતા આપી ઉકેલવા શીખ આપી હતી. શ્રીમતિ અંજલિબેન રૂપાણીએ વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગ વિજ્ઞાન જાથાના જયંત પંડયા, વકીલ ચિંતન બુધ્ધદેવ, રૂષભ રૂપાણી સાક્ષી મોં મીઠા કરી આકાશની પીઠ થાબડી હતી. હાજર પોલીસ કર્મીઓએ અભિનંદન પાઠવ્યા હતા. હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનમાં પ્રમુખપદે બ્રિજેશભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ વિરાટ પોપટ, જનરલ સેક્રેટરી હાર્દિક બ્રહ્મભટ્ટ, હોદ્દેદારોમાં ભાવિક પંડયા, દર્શન દવે કારોબારીમાં વિજેતાઓમાં સૌથી વધુ મત પ્રથમ ક્રમાંકે આકાશ પંડયા વિજેતા ઘોષિત થયા હતા.

આકાશ પંડયા અમદાવાદ હાઈકોર્ટમાં ૧૩ વર્ષથી ક્રિમીનલ પ્રેકટીસ કરે કરે છે. ત્રણ વખત ચૂંટાયા હોય બે વર્ષના સમયગાળામાં વકીલો માટે ચેમ્બર, ફાઈલીંગ, પાર્કિંગ, લાઈબ્રેરી સહિત પ્રશ્નોને અગ્રતા આપી ચૂંટાયેલા હોદ્દેદારોને વિશ્વાસ સહકાર સાથે ઉકેલવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આકાશની માતા રાજકોટ બાર એસોસિએશનમાં છેલ્લા ૩૨ વર્ષથી તેમજ પિતા જયંતભાઈ પંડયા અમદાવાદ હાઈકોર્ટ બાર એસોસિએશનમાં ક્રિમીનલ પ્રેકટીસ સાથે વિજ્ઞાન જાથાની લોકચળવળ કામગીરી ૩૩ જિલ્લામાં કરી રહ્યા છે. ગાંધીનગર ખાતે શુભેચ્છા વખતે મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે ન્યાયની અદાલતોથી પણ મોટી એક અદાલત હોય છે અને તે છે અંતર આત્માના અવાજની અદાલત જે બધી જ અદાલતોમાં શ્રેષ્ઠ છે. દેશની અદાલતોના મોટાભાગના ન્યાયધીશો દેશના બંધારણના આદર્શોને ધ્યાનમાં રાખી પોતાના અંતર આત્માના અવાજને અનુસરી પુરાવા જોઈ ન્યાય આપે છે માટે ન્યાય ધર્મ જીવંત છે. બંધારણ—ન્યાય મંદિરની સર્વોપરિતા છે.

વિશેષમાં એડવોકેટ આકાશ પંડયાએ અમદાવાદ હાઈકોર્ટના તમામ સિનીયર, જુનીયર, મિત્ર મંડળ, વકીલોનો દિલથી આભાર વ્યકત કર્યો હતો. પ્રચારમાં જોડાનાર ચિંતનભાઈ, અમીતભાઈ, જેકીભાઈ, સુનિલભાઈ યોગેશભાઈ, મૌસીમભાઈ સહિત સૌ કોઈનો આભાર સાથે લાગણી વ્યક્ત કરી હતી. શુભેચ્છા માટે મો. ૯૭૨૪૩ ૦૦૧૩૦ સંપર્ક સાધવા જણાવેલ છે.

# ભાણવડ પંથકની ચોરીના આરોપીઓને રાજકોટ અને મધ્યપ્રદેશમાંથી ઝડપી લેવાયા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

ભાણવડ પંથકમાં થોડા સમય પૂર્વે થયેલી ઘરફોડ ચોરીમાં સ્થાનિક પોલીસે કાર્યવાહી કરી અને મધ્યપ્રદેશ રાજ્યના વતની એવા બે લવમુંછીયા શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસ સુત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભાણવડ તાબેના હાથલા વિસ્તારમાં થોડા સમય પૂર્વે એક રહેણાંક મકાનમાં ચોરી થયાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. જે સંદર્ભે સ્થાનિક પોલીસ મથકમાં આઈપીસી કલમ ૩૮૦ તથા ૪૫૭ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ પ્રકરણમાં તપાસનીસ પી.એસ.આઈ. એમ.કે. ગઢવી તથા એલસીબી સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એ.એસ.આઈ. ભરતભાઈ ચાવડા તથા કોન્સ્ટેબલ મનહરસિંહ જાડેજા દ્વારા મોબાઈલ લોકેશન સહિતની કામગીરીમાં મધ્યપ્રદેશ રાજ્યના ધાર જિલ્લાના કુક્ષી તાલુકાના ગોવિંદ પુનિયાભાઈ બામનીયા (ઉ.વ. ૧૯) અને આ જ વિસ્તારના રહીશ સરદાર જેન્દુભાઈ મેહડા (ઉ.વ. ૧૯) નામના બે ભીલ શખ્સોને મધ્યપ્રદેશ તથા રાજકોટ



જિલ્લાના ગોંડલ તાલુકાના મોવૈયા ગામ વિસ્તારમાંથી દબોચી લેવામાં આવ્યા હતા.

ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ તથા ભાણવડના પી.એસ.આઈ. એમ.આર. સવસેટાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દવા કંપનીઓની મનમાની : ચિંતાનો વિષય

'જર્નલ ઓફ ફાર્માસ્યુટિકલ પોલિસી એન્ડ પ્રેક્ટિસ'માં છપાયેલા એક શોધપત્રમાં એન્ટીબાયોટિક દવાઓના 'નિશ્ચિત ડોઝ સંમિશ્રણ'ના મનમાફક કારોબાર અને તેના દુષ્પ્રભાવ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ શોધ પત્રમાં ભારતીય જનમાનસના સ્વાસ્થ્યની સંભાળ માટે સચેત પણ કરવામાં આવ્યા છે. એક દર્દીને અપાતી કેટલીય દવાઓને ભેળવીને એક મિશ્રિત દવા તૈયાર કરવાનો વિચાર એટલા માટે સ્વીકૃત કરવામાં આવ્યો હતો કે તેનાથી ડોઝ લેવામાં દર્દીને સગવડ રહેશે, પરંતુ દવા કંપનીઓની મનમાનીથી આવાં મિશ્રણોમાં મનમાફક વધારો કરવામાં આવ્યો અને નિયંત્રણ સંસ્થાઓની કમજોરીનો ફાયદો ઉઠાવતાં મંજૂરી વિના પણ મિશ્રણોને બજારમાં મૂકી દીધાં.

આ શોધ પત્રને દુનિયાના ખ્યાતનામ ડોક્ટરોએ તૈયાર કર્યું છે. ૨૦૦૮માં દવાઓના એન્ટીબાયોટિક 'નિશ્ચિત ડોઝ મિક્સ' બનાવનારી ૬૮ દવાઓનું લાયસન્સ જારી અને ૪૭ દવાઓને પ્રતિબંધિત કરવામાં આવી હતી, પરંતુ દવા ઉત્પાદક કંપનીઓએ ૨૦૨૦ સુધી એન્ટીબાયોટિક મિશ્ર ડોઝની ૬૦.૫ ટકા એવી દવાઓ બજારમાં ઉતારી દીધી, જેની મંજૂરી નથી લેવામાં આવી. એટલું જ નહીં, ૯.૯ ટકા એવા એન્ટીબાયોટિક ડોઝ મિશ્રણ વેચાવા લાગ્યા, જે પ્રતિબંધિત હતા. આ પ્રકારે ૨૦૨૦માં બજારમાં ઉતારવામાં આવેલા ૧૫.૯ ટકા એન્ટીબાયોટિક ડોઝ મિશ્રણ મંજૂરી વિનાના હતા. શોધમાં એ વાત પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે ખોટી એન્ટીબાયોટિક કે તેની સાથે અન્ય દવાઓના મિશ્રણના ઉપયોગથી માનવ શરીરની પ્રતિરોધક ક્ષમતા પ્રભાવિત થાય છે અને ત્યારે બીજી દવાઓ પણ કામ નથી કરતી.

ભારતમાં અનુમોદિત એક તૃતિયાંશ એન્ટીબાયોટિક ડોઝ મિશ્રણને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા અનુમોદિત નથી કરવામાં આવ્યા. દવા કંપનીઓની મનમાની ત્યાં સુધી રહી છે કે ૨૦૧૮ અને ૨૦૧૯માં જે ૩૯ મિશ્રણોને પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા, તે પણ ૨૦૨૦માં બજારમાં ચાલુ રહી. ત્યાં સુધી કે ૨૦૧૯માં જે મિશ્રણો સૌથી વધુ વેચવામાં આવ્યા, તેમને વેચવાની અનુમતિ ડબ્લ્યુએચઓ દ્વારા નહોતી આપવામાં આવી! આ જ પ્રકારે ૨૦૨૦માં સૌથી વધુ વેચાનાર ૨૦ મિશ્રણોમાંથી ૧૩ની અનુમતિ પણ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા નહોતી અપાઈ. આ જ કારણ છે કે ૨૦૦૮ની તુલનામાં ૨૦૨૦માં એન્ટીબાયોટિક મિશ્રણના વેચાણમાં વધારો થતો ગયો. હાલનાં વર્ષોમાં ભારતીય દવા કંપનીઓએ વિશ્વ બજારમાં દેશની છબિને નુકસાન પહોંચાડ્યું છે. ૨૦૧૮માં હિમાચલની દવા કંપનીઓ દ્વારા ઉત્પાદિત હલકી દવાઓની તપાસ કરવામાં આવી હતી અને ૧૩ કંપનીઓ દ્વારા ગેસ્ટ્રિક, હાઈપરટેન્શન, દર્દશામક, ડાયાબિટીઝ, આયર્ન, કિડની ટ્રાન્સપ્લાન્ટ, મલ્ટી વિટામિન અને કોલેસ્ટ્રોલ ઓછું કરનારી દવાઓ હલકી જણાતાં કેન્દ્રીય ઔષધિ માનક નિયંત્રણ સંગઠને કાર્યવાહી કરી હતી. ૨૦૨૦માં આ સંગઠનની તપાસમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં બનેલી ૪૬ પ્રકારની દવાઓ માપદંડો પર ખરી ઉતરી શકી નહોતી. હિમાચલના આઠ દવા ઉત્પાદકો દ્વારા નિર્મિત ૧૩ પ્રકારની દવાઓ માપદંડો પર ખરી ન ઉતરી શકી. તે ઉપરાંત ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, ગુજરાત, બિહાર, સિક્કિમ, મહારાષ્ટ્ર, હરિયાણા, પશ્ચિમ બંગાળ, દિલ્હી, કોલકાતા, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના દવા ઉદ્યોગોમાં નિર્મિત ૪૧ દવાઓ પણ તપાસમાં ઉતરતી કક્ષાની જોવા મળી હતી. ઓક્ટોબર, ૨૦૨૨માં પશ્ચિમી આફ્રિકી દેશ ગાંબિયામાં ૬૬ બાળકોનાં મોતનું કારણ એક ભારતીય કફ સિરપ બન્યું, જેને હરિયાણાના સોનીપત સ્થિત એક કંપનીએ બનાવ્યું હતું. તેને કારણે દેશની છબિ ખરાબ થઈ હતી. આ વર્ષે જાન્યુઆરીમાં એંબ્રોનોલ અને ડોક-૧ મેક્સ નામના ઉતરતી કક્ષાના કફ સિરપ પીવાથી ઉઝબેકિસ્તાનના ૨૦ બાળકોનાં મોત થઈ ગયાં હતાં. ત્યારે પણ ભારતમાં બનેલા હલકી કક્ષાના કફ સિરપને લઈને સવાલો ઊભા થયા હતા.

એ ચિંતાનો વિષય છે કે દવા કંપનીઓ મનમાની કરીને પોતાના નફા માટે જનસ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહી છે. દવા નિયંત્રક સંગઠન 'કેન્દ્રીય ઔષધિ માનક નિયંત્રણ સંગઠન'એ આ દિશામાં કડક કાર્યવાહી કરતાં દવા ઉત્પાદનની ગુણવત્તાને વિશ્વસનીય બનાવવી જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ભય અને દંડથી ક્યારેય પાપ બંધ નથી થતા.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૧૫ વ્રતની પૂનમ, શ્રી દત્તાત્રેય જયંતિ, શ્રી બહુચરાજીનો મેળો, જોરમેલા (પંજાબ) તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૨, મૃગશીર્ષ નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૧૩ આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સવારે ૯:૫૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ:આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન:વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ: સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા: અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક:કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન: માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર: શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ: અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન: કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

### રાજ્ય સરકાર તરફથી સત્તાવાર જાહેરાત કરાશે

# વિશ્વની લોકપ્રિય ટેસ્લા કારનો પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપવા માટેની તૈયારી

## કાર બનાવતી કંપની ટેસ્લા કંપની પોતાની કારનો પ્લાન્ટ ગુજરાતમાં બનાવવાની દરખાસ્ત કરી શકે છે

ગાંધીનગર, તા.૨૬

વિશ્વની સૌથી લોકપ્રિય ઓટોમેટિક કાર ગુજરાતમાં બની શકે છે. ગુજરાતમાં ટેસ્લાનો પ્લાન્ટ લાવવાનો તખ્તો રચાઈ રહ્યો છે. આ માટે વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોટી જાહેરાત થઈ શકે છે. ટેસ્લાના એલન મસ્ક વાઈબ્રન્ટ ગુજરાતમાં આવે તેવી શક્યતા છે. એલન મસ્ક મોંઘેરા મહેમાન તરીકે વાઈબ્રન્ટ સમિટમાં આવી શકે છે. ટેસ્લા કંપની પોતાની કારનો પ્લાન્ટ ગુજરાતમાં બનાવવાની દરખાસ્ત કરી શકે છે.

લાંબા સમયથી ટેસ્લા કંપનીને ભારત તરફ આકર્ષવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. જેમાં ગુજરાતને મોટો ફાયદો મળી શકે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ પહેલા રાજ્ય સરકાર ઈલેક્ટ્રિક કાર દિગ્ગજ ટેસ્લાને ગુજરાતમાં લાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. જોકે, આ મામલે રાજ્ય સરકાર તરફથી સત્તાવાર સમર્થન બાકી છે. આ માટે એલન મસ્ક આવતા મહિને ગુજરાત આવી શકે છે. વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ અહીં આવી શકે છે.

એવી પણ ચર્ચા છે કે, ટેસ્ટ ભારતીય ઓટો બ્રાન્ડ્સ સાથે હાથ મિલાવી શકે છે. ટેસ્ટા ઈન્કના પ્રમુખ એલન મસ્કે જુન મહિનામાં ન્યૂયોર્કમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાતના સૌથી વધુ ઔદ્યોગિકીકરણ ધરાવતા રાજ્યો અને ઓટોમોબાઈલ હબ છે. અમે વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ દરમિયાન ટેસ્લા પ્રોજેક્ટને ગુજરાતમાં લાવવા માટે કેન્દ્ર સરકારની મદદ લઈ રહ્યાં છે. સરકારી સૂત્રોનું કહેવું છે કે, ટેસ્લાની સાથે વાતચીત ચાલી રહી છે.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટને અમે ગુજરાત સુધી લાવવાના પ્રયાસો કરી રહ્યાં છે. ગુજરાતનું લક્ષ્ય ભારતના ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના સપનાને સાકાર કરવામાં યોગદાન આપવાનું છે. ટેસ્લા જેવા પ્રોજેક્ટ તેમાં મહત્વની ભૂમિકાઓ ભજવશે. ગુજરાત ટેસ્લાને સાણંદ કે ધોલેરામાં જમીન આપી શકે છે. જ્યાં ટાટા મોટર્સ અને સુઝુકીના ઓટો પ્લાન્ટ આવેલા છે. આ વિસ્તારોનું ગુજરાતના બંદરો સાથે સારી રીતે કનેક્શન છે. જ્યાંથી ઈમ્પોર્ટ અને એક્સપોર્ટની સુવિધા મળી રહે છે. ધોલેરામાં પણ ટેસ્લા પ્લાન્ટ લગાવી શકે છે. જો બધુ યોગ્ય રહ્યુ તો ગુજરાતમાં ટેસ્લાન પ્લાન્ટ આવી શકે છે. તેનાથી અનેક લોકોને રોજગારી મળશે. ટાટા મોટર્સના ગુજરાતમાં આગમન બાદ ગુજરાત ઓટોમોબાઈલ હબ તરીકે ઉભરીને આવ્યું છે. રાજ્યમાં ફોર્ડ મોટર્સ, ટાટા મોટર્સ અને સુઝુકીના પ્લાન્ટ છે. એમજી મોટરે જનરલ મોટલ સાથે હાલોલનો પ્લાન્ટ અધિગ્રહણ કરીને ભારતમાં પોતાનો પ્રોજેક્ટ સ્થાપિત કર્યો છે.

### ગુજરાતીઓમાં કેનેડા જવાનો ક્રેઝ જાણીતો છે

# કેનેડા જવાની લાલચમાં લાખો રૂપિયાની છેતરપીંડી

## નવરંગપુરા પોલીસે વિની ઈમીગ્રેશન કંપનીના મહિલા કર્મચારી સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે

અમદાવાદ, તા.૨૬

ગુજરાતીઓમાં કેનેડા જવાનો ક્રેઝ જાણીતો છે. જેનો લાભ ઘણીવાર લેભાગુ એજન્ટ્સ અપનાવતા હોય છે. કેનેડામાં પીઆર અને લાઈસન્સના સપના બતાવી મહિલાએ રૂા. ૫૮ લાખની ઠગાઈ આચરી હતી. નવરગપુરમાં આવેલી વિની ઈમીગ્રેશન એન્ડ એજયુકેશન પ્રાઈવેટ લિમિટેડની ઓફીસની કર્મચારીએ ૫ લોકોને વિદેશમાં કન્સલન્ટસી કંપની બનાવવાની અલગ અલગ દેશોના લાઈસન્સ આપવાના બહાને રૂપિયા પડાવ્યા હતા. નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના નવરંગપુરા લા ગાર્ડન પાસે આવેલી એક ઈમીગ્રેશન કંપનીના સંચાલકે મણિનગરમાં રહેતા યુવક અને તેની પત્નીને કેનેડાના પીઆર અપાવવાનું કહીને લાખો રૂપિયા પડાવી લીધા બાદ રજીસ્ટ્ર્ડ ઈમીગ્રેશન કંપની શરૂ કરવામાં મદદ કરવાના બહાને પણ નાણાં લઈને કુલ ૫૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે અંગે નવરંગપુરા પોલીસે વિની ઈમીગ્રેશન કંપનીના મહિલા કર્મચારી સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

કૈલાશ પાર્ક સોસાયટીમાં રહેતા મહેશભાઈ પટેલ રખીયાલમાં લોંખડના લે વેચનો વ્યવસાય કરે છે. તેમની દીકરી કેનેડા ખાતે રહે છે. જ્યારે તેમનો પુત્ર સર્જન વકીલાતનો વ્યવસાય કરે છે. જો કે તેને પત્ની સાથે કેનેડા જવાની યોજના હોવાથી તે ગત નવેમ્બર ૨૦૨૨માં તે લો ગાર્ડન પાસે આવેલી વિની ઈમીગ્રેશનની ઓફિસમાં સંપર્ક કર્યો ત્યારે ત્યાં કામ કરતા મહિલા કર્મચારી હેતલ ત્રિવેદી (રહે.પાર્થ સારથી ટાવર, થલતેજ)નો સંપર્ક કર્યો હતો. જેમાં સાડા પાંચ લાખમાં બનેને કેનેડામાં પીઆર વિઝાની ખાતરી આપી હતી. જો કે વિવિધ પ્રોસેસ ફીના નામે હેતલ ત્રિવેદીએ સાડા લાખ રૂપિયાની રકમ લઈને લીધા બાદ પણ કેનેડા મોકલવાની કામગીરી કરી નહોતી. આ દરમ્યાન મહેશભાઈને જ પોતાની રજીસ્ટ્ર્ડ ઈમીગ્રેશન કંપની શરૂ કરવાનો વિચાર આવ્યો હતો.

જે અંગે તેમના દીકરા પુત્રને વાત કરી હતી. જેથી પુત્રએ તેમને ઈમીગ્રેશન કંપની શરૂ કરવાની ખાતરી હતી. જે માટે મહિલાએ બિઝનેસ પ્રોજેક્ટ, અમેરિકા, કેનેડા, ઈંગ્લેડ અને દુબઈ જેવા દેશોના ઈમીગ્રેશન લાયસન્સ સહિતની કામગીરીના નામે ૩૨ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી. તે પછી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે મહિલાએ સર્જન પટેલ અને અન્ય લોકો સાથે આ મોડ્સ ઓપરેન્ડીથી કુલ રૂપિયા ૫૮ લાખની છેતરપિંડી કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જેમાં આ કૌભાંડની રકમમાં વધારો થઈ શકે છે.

# પત્નીને જીવતા વિધવા તરીકે કામ કરતી જોવી પતિ માટે દુ:ખદાયક અનુભવ કોઈ હોઈ શકે નહીં : દિલ્હી હાઈકોર્ટ




(જીએનએસ), ૨૬

દિલ્હી હાઈકોર્ટનું કહેવું છે કે પતિ માટે તેની પત્નીને જીવતા વિધવા તરીકે કામ કરતી જોવાથી વધુ પીડાદાયક અનુભવ કોઈ હોઈ શકે નહીં. આ પ્રકારનું વર્તન અત્યંત ક્રૂર છે. ઉપરાંત, કોર્ટ કહે છે કે જો પતિ અથવા પત્ની બીજાને વૈવાહિક સંબંધથી વંચિત રાખે છે, તો લગ્ન ટકી શકશે નહીં. આ પ્રકારનું કામ કરવું એ પણ ક્રૂરતા છે. જસ્ટિસ સુરેશ કુમાર કૈત અને નીના બંસલ કૃષ્ણાની બેન્ચે આ ટિપ્પણી કરી છે.

એક મહિલાની અપીલને ફગાવી દેતા દિલ્હી હાઈકોર્ટની ટિપ્પણી આવી છે. મહિલાએ તેના પતિની તરફેણમાં છૂટાછેડાની હુકમનામું આપવાના ફેમિલી કોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. ફેમિલી કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે મહિલાએ તેના પતિ સાથે ક્રૂર વર્તન કર્યું હતું. હાઈકોર્ટનું કહેવું છે કે રેકોર્ડ પરના પુરાવાએ સાબિત કર્યું છે કે પક્ષકારો વચ્ચે સમાધાનની કોઈ શક્યતા નથી. બંને પક્ષો લાંબા સમયથી અલગ-અલગ રહે છે, જેના કારણે ખોટા આરોપો, પોલીસ રિપોર્ટ્સ અને ફોજદારી ટ્રાયલ માત્ર માનસિક ક્રૂરતા જ કહી શકાય.

કોર્ટનું કહેવું છે કે પતિ-પત્ની વચ્ચે વૈવાહિક વિખવાદ એ હદે પહોંચી ગયો છે કે બંને પક્ષો વચ્ચેનો વિશ્વાસ, સમજણ, પ્રેમ અને સ્નેહ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. આ મૃત સંબંધ કડવાશ, મતભેદો અને લાંબી મુકદમાથી ઘેરાયેલો છે. આ સંબંધ ચાલુ રાખવાનો કોઈપણ આગ્રહ ફક્ત ક્રૂરતા તરફ દોરી જશે. કોઈપણ વૈવાહિક સંબંધનો આધાર સાથે રહે છે અને વૈવાહિક સંબંધ છે. આ કપલે વર્ષ ૨૦૦૯માં લગ્ન કર્યા હતા. આ પછી ૨૦૧૧માં દીકરીનો જન્મ થયો. જો કે મહિલા બાળકના જન્મ પહેલા જ સાસરેથી ચાલી ગઈ હતી. આ પછી પતિએ ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. તેણે દાવો કર્યો હતો કે લગ્નથી તેમની વચ્ચેના સંબંધો સારા નહોતા અને તેની પત્ની તેના પ્રત્યે ખૂબ જ ઉદાસીન હતી. આ કારણે તેને લગ્ન ચાલુ રાખવામાં કોઈ રસ નથી. મહિલાએ ઘરનું કામ કરવાની પણ ના પાડી દીધી હતી, ત્યારબાદ તેના પિતા ભોજન બનાવતા હતા.

### વ્યક્તિત્વ હોય છે આકર્ષક

# જન્મજાત નેતા હોય છે જાન્યુઆરીમાં જન્મેલા લોકો

અમદાવાદ, તા.૨૬

જ્યોતિષ શાસ્ત્રમાં ૧૨ રાશિઓ હોય છે. દરેક રાશિના જાતકોનો સ્વભાવ અને ગુણ અલગ હોય છે. એ જ રીતે વર્ષના અલગ અલગ મહિનામાં જન્મેલા વ્યક્તિનો સ્વભાવ અલગ હોય છે. એમના વ્યક્તિત્વમાં ગુણ અવગુણ હોય છે. જ્યોતિષ શાસ્ત્રમાં કોઈ પણ વ્યક્તિના જન્મ માસના આધારે તેમના સ્વભાવ અને ભાગ્ય અને ખબર પડે છે. એ જ રીતે જાન્યુઆરીમાં જન્મેલા લોકો ખુશમિજાજના હોય છે. એમને ખુશીઓ વહેંચવું પસંદ હોય છે. અહીં સુધી કે કઠોરમાં કઠોર કામ સરળતાથી કરી લે છે. જાન્યુઆરી માસમાં જન્મેલા લોકોનું વ્યક્તિત્વ એટલું આકર્ષક હોય છે કે એમની ઉમરનો અંદાજ લગાવવો મુશ્કેલ હોય છે.

જાન્યુઆરી મહિનામાં જન્મેલા લોકો પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ કોઈપણ પર પ્રભાવ છોડવામાં સફળ થાય છે. જન્મજાત નેતાઓ છે અને નેતૃત્વ કરવા માટે તૈયાર રહે છે. તેમની કારકિર્દીની વાત કરીએ તો તેમનું ભવિષ્ય ઉજ્જવળ છે. તેઓ ખૂબ જ મહેનતુ હોય છે. દરેક ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી શકે છે. આ સિવાય તેઓ નસીબના સ્વામી છે. તે જ સમયે, તેઓ વસ્તુઓ છુપાવવામાં નિષ્ણાત હોય છે. જાન્યુઆરીમાં જન્મેલા લોકો તેમની કારકિર્દીમાં મોટી સફળતા મેળવે છે. આ મહિનામાં જન્મેલા લોકોને મીડિયા, આર્મી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, લેક્ચરશિપ અને સોફ્ટવેર એન્જિનિયરિંગના ક્ષેત્રમાં સફળતા મળે છે. જાન્યુઆરી મહિનામાં જન્મેલા લોકો સ્વાભાવિક રીતે આશાવાદી હોય છે. તેઓ મહેનતુ અને ખુશખુશાલ હોય છે અને ખૂબ સારા પાર્ટનર સાબિત થાય છે. બીજી વ્યક્તિ પાસેથી કામ કઢાવવામાં તેમનાથી કોઈ પારંગત નથી. જાન્યુઆરીમાં જન્મેલા લોકો દયાળુ હોય છે. સંબંધો જાળવવામાં વફાદાર હોય છે. તેઓ લોકોમાં એક આદર્શ છબી સ્થાપિત કરવામાં સફળ રહે છે. જોકે આ લોકો જીદ્દી છે. જાન્યુઆરી મહિનામાં જન્મેલા છોકરાઓ ખૂબ જ સ્ટાઈલિશ હોય છે. તેઓ ફેશનની સારી સમજ ધરાવે છે.

### સ્વયંભૂ પ્રગટ થયા હતા પવનપુત્ર

# ચોખાના દાણા જેટલી વધી રહી છે હનુમાનજીની મૂર્તિ

## રાજકોટ જિલ્લાનાં જામનગર રોડ ઉપર ઓજી નદીના કિનારે ભગવાન હનુમાનજીનું મંદિર આવેલું છે, આ મંદિર ૪૦૦ વર્ષ જૂનું છે

રાજકોટ, તા.૨૬

આખી દુનિયામાં ચારે તરફ હનુમાન દાદાનું સાંનિધ્ય આવેલુ છે. હનુમાન દાદા કોઈને કોઈ સ્વરૂપે આપણી વચ્ચે હાજરાહજુર હોય જ છે. ત્યારે આજે અમે રાજકોટના એક એવા મંદિર વિશે જણાવીશું કે જ્યાં હનુમાન દાદા સ્વયંભૂ પ્રગટ થયા હતાં. આ મંદિર સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. આ ઘટના વિશે ખૂબ ઓછા લોકો જાણતા હશે.ત્યારે આજે ૪૦૦ વર્ષ જુના સ્વયંભૂ પાટવાળ હનુમાનજીના મંદિરના ઈતિહાસ વિશે જણાવીશું. આ મંદિરમાં એવા ચમત્કારો થાય છે કે ભાગ્યે જ કોઈએ સાંભળ્યા હશે. રાજકોટ જિલ્લામાં જામનગર રોડ પર પડધરી તાલુકાના દહિંસરડા ગામથી બે કિલોમીટર દૂર ખાખરાબેલા ગામ જવાના રસ્તે આજી નદીના કાંઠે આશરે ૪૦૦ વર્ષ જૂનું પવન પુત્ર મહાબલિ સ્વયંભૂ શ્રી પાટવાળા હનુમાનજી દાદા બિરાજમાન છે. તદ્દન નદીના કાંઠે નીજ મંદિરમાં દક્ષિણાભિમુખ હનુમાનજી જમીનની અંદર પાંચ ફૂટ નીચે બિરાજેલા છે. આ બાલાજીની ચમત્કારિક મૂર્તિ એકદમ આકર્ષક સ્વરૂપમાં દેખાય છે. તેના દર્શન માત્રથી દરેક ભાવિકોને રૂબરૂ બાલાજી સાથે મુલાકાત કરી હોય તેવો મનમાં અહેસાસ થાય છે. મહંત કનુપ્રસાદ મહારાજે જણાવ્યું હતું કે, આશરે પાંચ એકર વિશાળ જગ્યા વિવિધ ઉંચા ઉંચા ઘટાટોપ લીલાછમ ઝાડથી આ જગ્યા પથરાયેલી છે. આખો વિસ્તાર નયનરમ્ય અને કુદરતી સૌંદર્યથી ભરપુર છે. પરિસરમાં બાલાજી મંદિર ઉપરાંત યશ-હવન માટેની જગ્યા, રસોઈ ઘર અને ભાવિકો માટે બેસીને ભોજન પ્રસાદ લેવાની અલાયદી સુંદર વ્યવસ્થા છે. જગ્યામાં ભાવિકોને દિવસ દરમિયાન વિશ્રામ માટે રૂમની વ્યવસ્થા પણ છે. મંદિરમાં બિરાજમાન બાલાજી જયારે પ્રગટ થયા ત્યારે મૂર્તિ નાની હતી અને સ્વયંભૂ રીતે પથ્થરની પાટથી રચાયેલી છે. કહેવાય છે કે, આ મૂર્તિ દર વર્ષે એક ચોખાના દાણા જેટલી વધે છે અને હાલમાં મૂર્તિ આશરે ત્રણ ફૂટ ઉંચી અને બે ફૂટ પહોળાઈ ધરાવતી બની ગઈ છે. આ પૌરાણિક મંદિરની જગ્યા એક પવિત્ર યાત્રાધામ તરીકે પણ પ્રખ્યાત છે. આસ્થા રૂપે અહીં આવતા દરેક લોકો બાલાજીના દર્શન કરી અપાર આત્મ શાંતિ અનુભવે છે. મહંત કનુપ્રસાદ મહારાજે કહ્યું કે, મંદિરમાં રહેલી આ મૂર્તિને કોઈ ૩૦ મિનિટ સુધી એકધારૂ ન જોઈ શકે એટલુ તેજ આ મૂર્તિમાં છે. આ મંદિરમાં કોઈ રાત્રે રોકાઈ શકતુ નથી. અહીં મંદિરમાં રાતે આપોઆપ આરતી વાગે છે, આપોપાપ દાદાની ગદા ફરે છે અને મંદિરનું ઝૂમર પણ ફરે છે. અહીં કોઈને રાત રોકાવા દેવામાં આવતી નથી. જ્યારે દાદા પ્રગટ થયા તે સમયે મોરબી સ્ટેટનું છેલ્લું સરહદનું ગામ કનકી નગરી તરીકે ઓળખાતુ હતું. જ્યારે દાદા પ્રગટ થયા ત્યારે આ જગ્યા ખુબ જ વિરાન હતી.પણ આજે અહીં દાદાના દર્શન કરવા માટે દુર દુરથી લોકો આવે છે. કહેવાય છે કે, અહીં તમે માગો એના કરતા ૧૦ ગણુ દાદા આપે છે. જેથી લોકો અહીં પોતાની માનતા માનવા માટે અને પૂર્ણ કરવા માટે આવે છે.

# ઓક્ટોપસનું ગળું પકડનાર શખ્સ મુશ્કેલીમાં મુકાયો

નવી દિલ્હી, તા.૨૬

ભગવાને વિશ્વમાં અનેક પ્રકારના જીવો બનાવ્યા છે. તે એક સત્ય છે કે તેમાં સૌથી સમજદાર માણસ નીકળ્યો. આ કારણે માણસ આજ સુધી બાકીની બીજી વસ્તુઓ પર રાજ કરી રહ્યો છે. પરંતુ ઘણી વખત વ્યક્તિ પોતાની માનવતા ભૂલી જાય છે. તે પોતાની શક્તિનો દુરુપયોગ કરે છે. જેના કારણે તેને પરિણામ ભોગવવા પડે છે. તેમાં મૂંગા પ્રાણીઓને ત્રાસ આપવાનો પણ સમાવેશ થાય છે. આવા ઘણા વીડિયો જોવા મળે છે, જેમાં માનવીઓ આ મૂંગા પ્રાણીને ટોર્ચર કરતા જોવા મળે છે. કેટલાક લોકો માત્ર આનંદ માટે તેમને મારી નાખે છે. હાલમાં જ એક વ્યક્તિનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. આ વ્યક્તિ થોડી લાઈક્સ માટે ઓક્ટોપસને હેરાન કરી રહ્યો હતો.

પરંતુ પછી કંઈક થયું, જેના પછી હવેથી આ વ્યક્તિ કોઈપણ પ્રાણીને પરેશાન કરતા પહેલા સો વખત વિચારશે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલો આ વીડિયો દરિયા કિનારે રેકોર્ડ કરવામાં આવ્યો છે. જેમાં બોક્સર પહેરેલો એક વ્યક્તિ દરિયા કિનારે જોવા મળ્યો હતો. તેના હાથમાં ઓક્ટોપસ હતો. તે વ્યક્તિ આ ઓક્ટોપસનું માથું પકડીને તેને હેરાન કરતો હતો અને તેનો આનંદ લેતો હતો, પણ પછી તેના ચહેરા પરથી સ્મિત ગાયબ થવા લાગ્યું.

ઓક્ટોપસે ધીમે ધીમે માણસના હાથને જોરથી દબાવ્યું અને ફેવિકોલ લગાવ્યું હોય તેમ તેની સાથે ચોંટી ગયું. ઓક્ટોપસ માણસની ચામડી પર જોરથી ચોંટી ગયો હતો. માણસે જેટલો વધુ પ્રયત્ન કર્યો, ઓક્ટોપસે તેની પકડ વધુ મજબૂત કરી દીધી. બહુ મુશ્કેલીથી માણસે ઓક્ટોપસને એક હાથે ખેંચીને અલગ કર્યો. પરંતુ એવું લાગતું હતું કે ઓક્ટોપસે માણસને પાઠ ભણાવવાનું નક્કી કર્યું હોય. તેણે તરત જ માણસનો બીજો હાથ પકડી લીધો. જો કે, અંતે વ્યક્તિએ ઓક્ટોપસનું માથું વળીને તેને નીચે ફેંકી દીધું.

# કેશોદ એસટી ડેપોમાં સ્વચ્છતા ઝુંબેશ



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૬

કેશોદ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા મંત્રીશ્રીના આદેશ મુજબ ગુજરાતનાં તમામ એસટી ડેપો પર શુભયાત્રા સ્વચ્છ યાત્રા અંતર્ગત સફાઈ અંગેની જાગૃતિ માટેના કાર્યક્રમો ૨ ડિસેમ્બરથી બે ફેબ્રુઆરી સુધી ચાલવાના છે જેના પગલે સમગ્ર ગુજરાતનાં એસટી ડેપોમાં જબરજસ્ત સ્વચ્છતા અભિયાન ઝુંબેશ ચાલી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ શુભયાત્રા સ્વચ્છ યાત્રા ચલાવવામાં આવી રહી છે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના સ્વચ્છતા અભિયાનના સંકલ્પને સાર્થક કરવા પ્રયત્નો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે જુનાગઢ ડીવીજનના કેશોદ એસટી ડેપોમાં પણ દર અઠવાડિયે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. જેના પગલે આજે શુભયાત્રા સ્વચ્છ યાત્રાના બેનરો સાથે કેશોદની સરકારમાન્ય આદર્શ નિવાસી કુમાર શાળાના બાળકોએ રેલી યોજી હતી. આ રેલીમાં આ શાળાના ૬૦ થી ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલી દરમિયાન આપણું કેશોદ સ્વચ્છ કેશોદ આપણી એસટી મુસાફરી સલામત મુસાફરી આપણો એસટીડેપો સ્વચ્છ ડેપો અને શુભયાત્રા સ્વચ્છ યાત્રાના નારા લગાવવામાં આવ્યા હતા. આ રેલીના પ્રતાપે અને નારાના ગુંજથી કેશોદ ડેપો ગુંજી ઉઠ્યો હતો. આ સૂત્રોચ્ચારને કારણે ડેપોમાં બેઠેલા તમામ પેસેન્જરો પણ આકર્ષાયા હતા. આ તમામ મુસાફરો પાસે વિદ્યાર્થીઓએ જઈ નમસ્કાર કરી આપણાં એસટી ડેપોને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી અને સાથેના કચરાને ડેપોમાં રાખેલી કચરા પેટીમાં નાખવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત એસટી બસમાં બેઠેલા મુસાફરો પાસે પણ જઈને વિદ્યાર્થીઓએ અપીલ કરી હતી કે આપણું ઘર જે રીતે આપણે સ્વચ્છ રાખીએ છીએ ત્યારે આપણે આપણી બસને પણ સ્વચ્છ રાખવી જોઈએ કારણકે આપણે જ બેસીને મુસાફરી કરવાની છે. આ રીતે આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓએ રેલી રૂપે અને વ્યક્તિગત મુસાફરોને મળી સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા સઘન પ્રયત્નો કર્યા હતા. બાળકોના આ પ્રયત્નોને કેશોદ ડેપોના ટીસી ધર્મેશભાઈએ પણ બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે એસટી ડેપો કેશોદના મેનેજર ભીલ સાહેબે પણ બાળકોને બિરદાવ્યા હતા. આદર્શ નિવાસી શાળાના અને વ્યાયામ મંડળ જૂનાગઢનાં પ્રમુખ તેમજ ખેલ મહાકુંભના કન્વીનર હમીરસિંહ વાળાએ પણ એસટી સ્ટાફ, ડેપો મેનેજર તમામનો આભાર માન્યો હતો. આ રેલીને સફળ બનાવવા પાર્સલ ઓફિસના સિધ્ધરાજસિંહ રાયજાદા. ટીસી કાનભાઈ. સાથે તમામ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# ઉનામાં એસટી ડેપો ખાતે રક્તદાન શિબિર યોજાઈ



ઉના તા. ૨૬

ઊના એસ.ટી. ડેપો મેનેજર એલ.ડી. રાઠોડના માર્ગદર્શન હેઠળ ઊના એસ. ટી ડેપોમાં ફરજ બજાવતા કર્મચારી મંડળ, મજૂર મહાજન, ભારતીય મજદૂર સંઘ યુનિયનના સહકારથી રક્તદાન શિબિર યોજાઈ હતી. ઊનાની દિવ્ય જ્યોત વોલેન્ટરી બ્લડ બેંકના સહયોગથી ૧૮કર્મચારી ભાઈઓ અને બહેનો એ ૧૮બોટલ રક્તદાન કરી બ્લડ બેંકમાં જમાં કરાવેલ હતું. ઉત્તમ માનવતાની ફરજ બજાવી હતી.

# ખંભાળિયા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ઓક્શન આધારિત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૬

ખંભાળિયા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તાજેતરમાં તાલુકા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ -૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તાલુકા શિક્ષક સંઘનાં પ્રમુખ જગદીશભાઈ ડેર, મહામંત્રી હિતેષભાઈ કરમુર અને ઉપપ્રમુખ દેવશીભાઈ કરમુરની આગેવાની હેઠળ આ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. આ મેચમાં તાલુકામાંથી કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. સમગ્ર ટુર્નામેન્ટ ઓક્શન આધારિત યોજવામાં આવેલ હતી.

ફાઈનલ વિજેતા ટીમ વિરલ બગડાઈની આઝાદ ઈલેવન રહી હતી. જ્યારે રનર્સઅપ ટીમ દિનેશ વરૂની ભગતસિંહ ઈલેવન રહી હતી. આ ટુર્નામેન્ટનાં મેન ઓફ ધ સિરીઝ દિનેશ વરુ, બેસ્ટ બેટ્સમેન દિનેશ વરુ, બેસ્ટ બોલર ચંદ્રેશ રાઠોડ રહ્યા હતા. ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ વિરલ બગડાઈ બન્યા હતા.

આ ટુર્નામેન્ટમાં જિલ્લા પંચાયત સદસ્ય એભાભાઈ કરમુર, આહીર અગ્રણી મેરામણભાઈ ભાટુ, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જીવાભાઈ કનારા, તાલુકા પંચાયત સદસ્ય ઘેલુભા જાડેજા, દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, સાંસદ પૂનમબેન માડમનાં પ્રતિનિધિ પરબતભાઈ સુવા, જિલ્લા સંઘ ઉપપ્રમુખ પરેશભાઈ ચાવડા, બીઆરસી પી.એસ. રાણા, પ્રમુખ રામભાઈ ચાવડા, મારખીભાઈ ગોરીયા, મુકેશભાઈ જોષી, શત્રુઘ્નભાઈ ગોજીયા, સુમાત ગોજીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.ર આ સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન કોમેન્ટેટર તરીકે ભીમશીભાઈ ગોધમ, ખુમાણભાઈ, રાણાજી, ભીખુભાઈ પિંડારીયા તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમમાં એક્કર તરીકે જ્યોતિષભાઈ ચૌધરીએ સેવા આપેલ હતી.

## રાજ્યમાં સૌથી વધુ પાંચ કેસ સાથે અમદાવાદ ફરી ટોપ ઉપર !

# ગુજરાત સમગ્ર દેશમાં કોરોના કેસમાં પાંચમા ક્રમે : વધુ નવા ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા




ગાંધીનગર, તા.૨૬

દેશમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ગુજરાતમાં પણ સતત પોઝિટિવ કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારત સરકારના આરોગ્ય વિભાગના આંકડા પ્રમાણે કોરોનાના કેસ વધવામાં ગુજરાત દેશમાં પાંચમાં નંબરે છે. કાલ કરતાં આજે ત્રણ કેસમાં વધારો થયો છે, જેથી નવા ૧૨ કેસ સામે આવ્યા છે અને કુલ એક્ટિવ કેસની સંખ્યા ૪૪ ઉપર પહોંચી છે. રાજ્યભરમાં અમદાવાદમાં આજે કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે. નવરંગપુરા, થલતેજ, ગોતા, મણિનગરમાં નવા કેસ નોંધાયા છે. ૫માંથી ૩ પુરૂષર અને ૨ મહિલા સંક્રમિત થઈ છે, જેમાં એક કેસમાં ટ્રાવેલિંગ હિસ્ટ્રી દિલ્હી છે અને બીજા કેસમાં સુરેન્દ્રનગરની છે. હાલ અમદાવાદમાં ૨૨ કેસ એક્ટિવ છે, જેમાં એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ૨૧ હોમ આઈસોલેશન હેઠળ છે. દેશમાં આજે સૌથી વધુ ૨૬૬ કેસ કેરળમાં, બીજા નંબરે કર્ણાટકમાં ૭૦ કેસ, ત્રીજા નંબરે મહારાષ્ટ્રમાં ૧૫ કેસ, ચોથા નંબરે તામિલનાડુમાં ૧૩ કેસ અને પાંચમાં નંબરે ગુજરાતમાં ૧૨ કેસ નોંધાયા છે. કેરળમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે અને હાલ કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૮૭૨ ઉપર પહોંચી છે, જ્યારે ગુજરાતમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૪૪ પર પહોંચી છે. મહારાષ્ટ્રમાં આજે ગુજરાત કરતાં વધુ કેસ નોંધાયા છે, એટલે ત્યાં એક્ટિવ કેસની સંખ્યા ૬૮ ઉપર પહોંચી છે. દેશમાં જેમ જેમ શિયાળાની સિઝન શરૂ થઈ રહી છે તેમ તેમ રોગચાળાએ માથું ઉચક્યું છે. દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદમાં કોરોનાના ૫ કેસ નોંધાયા છે. જેમાં ખાસ કરીને નવરંગપુરા, થલતેજ, ગોતા અને મણિનગરમાં ત્રણ પુરૂષ અને ૧ મહિલા કોરોનાર પોઝીટીવ આવ્યા છે. શહેરમાં કોરોના કેસ વધતા તંત્ર હરકતમાં આવ્યું છે. અમદાવાદમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૨ થઈ છે. જ્યારે ૨૧ દર્દીઓ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. અગાઉ દક્ષિણ ભારતની યાત્રા બાદ કોરોનામાં સપડાયેલા ગાંધીનગરનાં પાંચેય દર્દીના સેમ્પલ જીનોમ સિક્વન્સીંગ માટે મોકલી આપવામાં આવ્યા છે ત્યારે તબીબો દ્વારા આ દર્દીને નવો જેએન.વન સબ વેરીયન્ટ હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઘણા દર્દીઓને લક્ષણો નથી તેમ છતા તેઓ કોરોનાગ્રસ્ત થયા છે મોટાભાગના દર્દીઓના કેરળ કનેક્શન છે જેથી કોરોનાના એમિક્રોન વેરિયન્ટનો જેએન.વન સબ વેરિયન્ટ હોવાની શક્યતા વધી જાય છે.

# ભાણવડ પંથકમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકીઃ બુટલેગરો ફરાર



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં સ્થિત બરડા ડુંગર વિસ્તારમાં ગઈકાલે સોમવારે પોલીસે જુદા જુદા સ્થળોએ ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડાઓ પાડી, વ્યાપક પ્રમાણમાં દારૂ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે આરોપીઓ પોલીસને હાથ લાગ્યા ન હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ભાણવડના પી.એસ.આઈ. એમ.આર. સવસેટાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા બરડા ડુંગર વિસ્તારમાં દેશી દારૂ સામે હાથ ધરવામાં આવેલા કોમ્બિંગમાં હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ જાડેજા તથા વિપુલભાઈ હેરભાને મળેલી ચોક્કસ બાતમીના આધારે બરડા વિસ્તારમાં આવેલી નેસ - ઝર ખાતેથી પોલીસે ધામણીનેશ વિસ્તારના રહીશ જયેશ કારા રબારી દ્વારા દેશી દારૂની ભઠ્ઠી ચલાવી, અહીં રાખવામાં આવેલો ૩,૦૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો, ૧૨૦ લીટર દેશી દારૂ, સહિત કુલ રૂપિયા ૮૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અન્ય એક દરોડામાં પોલીસે આ જ સ્થળેથી કમલેશ રામા રબારી દ્વારા દેશી દારૂની પ્રવૃત્તિ હાથ ધરતા અહીં દારૂ સહિત રૂ. ૬,૦૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. જોકે આ દરોડા દરમિયાન બંને આરોપીઓ નાસી છૂટવામાં સફળ થયા હતા. જે અંગે પોલીસે કુલ રૂપિયા ૧૪,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી, બંને શખ્સો સામે ભાણવડ પોલીસ મથકમાં પ્રોહિ. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી પી.એસ.આઈ. એમ.આર. સવસેટા, અને એમ.કે. ગઢવી, પી.આર કારાવદરા તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ભાણવડ પંથકમાંથી મોબાઈલ ચોરીનો આરોપી ઝડપાયો

(ક્રાઈર રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૬

ભાણવડ તાલુકાના રાણપર વિસ્તારમાંથી થોડા સમય પૂર્વે એક આસામીના મોબાઈલ ફોનની ચોરી થયાનો બનાવ સ્થાનિક પોલીસ મથકમાં નોંધાવવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં તપાસનીસ અધિકારી ડી.જે. ઓડેદરા દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં સર્વેલન્સ સ્ટાફના મનહરસિંહ જાડેજા તથા મિલનભાઈ ભાંભણા દ્વારા આ મોબાઈલ ચોરીમાં સંડોવાયેલા રાણપર ગામના નટુ જેઠાભાઈ સાદીયાને પોલીસે ઝડપીને રૂપિયા ૧૨,૫૦૦ નો મોબાઈલ ફોન કબજે કરી, આગળની કાર્યવાહી કરી હતી.

# શિયાળો આવ્યો, બાળકો અને યુવાનીયાઓ માટે ઉત્તમ ભોજન, કસરત સાથે શારીરિક રીતે સશક્ત થવાની

**સૌથી પહેલા તો તમારા શરીરની અનુકૂળતા મુજબ ડાયેટ પ્લાન બનાવવો જોઈએ. આ ડાયેટ પ્લાનમાં ક્યારે જમવું અને ક્યારે ના જમવું, શું ખાવું અને શું ના ખાવું, ખાવું તો કેટલા પ્રમાણમાં અને કેટલી વાર ખાવું, તેનું પાચન કરવા માટે કેવી કસરતો કરવી અને જીવન શૈલી રાખવી તે તમામ બાબતોનો સમાવેશ થાય છે. આ બાબતે એક ચોક્કસ ટાઈમ ટેબલ બનાવવાનું હોય છે અને તેનું પાલન કરવાનું હોય છે. શરૂઆતમાં તમને ખૂબ જ અઘરૂં લાગશે અને કંટાળો આવશે. શરીરમાં પણ ફેરફાર થતા દેખાશે અને અંતે એમ થશે કે આગળ વધવું નથી. પરંતુ જો તમે મનમાં ગાંઠ વાળી દેશો કે ના મારે ગીવ અપ નથી કરવું અને આગળ જ વધવું છે તો થોડા સમયમાં તમને તેની આદત પડી જશે અને પછી તો તેના વગર દિવસ અધૂરો લાગશે. આથી સવારે વહેલા ઊઠીને કે સાંજના સમયે જો યોગ્ય કસરત કરવામાં આવે તો ઉત્તમ**

મિત્રો આજે આપણે શિક્ષણ માટે મહત્ત્વની બાબત છે તે આરોગ્યની વાત કરીશું. આજકાલ ‘એનિમલ’ નામનું હિન્દી ચલચિત્ર ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યું છે અને કેટલાય સમય પછી સિનેમાઘરો હાઉસફુલ જઈ રહ્યા છે. આ ચલચિત્રમાં એક કલાકાર બોબી દેઓલ અને તેના શરીર સૌષ્ઠવની ખૂબ જ ચર્ચા સોશિયલ મીડિયા અને પરંપરાગત મીડિયામાં ખૂબ જ થઈ રહી છે. બોબી દેઓલ દ્વારા ૫૪ વર્ષની વયે પણ જે પ્રમાણે પોતાનું શરીર એક યુવાનને શરમાવે તેવું બનાવ્યું છે તે આશ્ચર્યજનક અને દાદને પાત્ર છે. ઘણા યુવાનો તેની પ્રેરણા લઈ રહ્યા છે અને તેણે સમતોલ આહાર અને નિયમિત કસરત દ્વારા પોતાનું શરીર બનાવ્યું કે જેનાથી દુનિયા આશ્ચર્યચકિત થઈ ગઈ છે.

હવે બીજા એક કિસ્સાની વાત કરૂં તે વ્યકિત તો ટૂંક સમયમાં એટલો બધો સુપરહિટ થઈ ગયો કે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની સાથે સફાઈ અભિયાનનો કેમ્પેન વીડિયો બનાવ્યો હતો. હરિયાણાના સોનીપત ખાતે એક સામાન્ય ખેડૂત પરિવારનો પુત્ર અંકિત બૈયનપુરિયા પોતાના શરીર સૌષ્ઠવ, દેશી સ્ટાઈલના સાધનો વડે કસરત અને પોલાદ જેવા શરીરના કારણે અત્યારે ઈન્સ્ટાગ્રામ ઉપર સાડા સાત મિલિયન ફોલોઅર્સ સાથે જોરદાર ટ્રેન્ડીંગ કરે છે. તેનો એક એક વીડિયો ઓછામાં ઓછા પાંચ મિલિયન વ્યુ અને હજ્જારોની સંખ્યામાં કોમેન્ટ્સ આવે છે. આ યુવાને ૭૫ ડે હાર્ડ ચેલેન્જ એટલે કે ૭૫ દિવસ સુધી ભોજન અને જીવન શૈલીનું નિયમન કરવાની આંતરરાષ્ટ્રીય રીતે લોકપ્રિય આ ચેલેન્જ ઉપાડી હતી. તેણે આવી એક નહી પરંતુ બે ચેલેન્જ સફળતાપૂર્વક પુરી કરી અને આજે જે યુથ આઈકોન છે. મોટા મોટા ટેલિવિઝન કાર્યક્રમોમાં તેના ઈન્ટરવ્યુ આવે છે, મોટા સિંગરો સાથે તે રોલ ભજવે છે, ચીફ ગેસ્ટ તરીકે કાર્યક્રમોમાં હાજરી આપે છે અને ઈવન સેલિબ્રિટીઓ પણ તેની સાથે વાત કરવા માટે તલપાપડ થતા હોય છે. તેણે સમતોલ આહાર, કોઈપણ જાતના આધુનિક સાધનો વગર કસરતો કરીને પોતાનું પોલાદ જેવું શરીર બનાવ્યું છે કે તેના જેવું બોડી બનાવવા માટે યુવાનોએ દોટ મૂકી છે. આ બે કિસ્સાઓ ઉપરથી મારે તમને જણાવવાનું છે કે, જો યુવાનો શરીર મજબૂત બનાવશે તો પોતાના ધાર્યા તમામ કામો કરી શકશે અને પોતાના ધ્યેય સુધી આસાનીથી પહોંચી જશે. તો આજે આપણે શરીર શૌષ્ઠવના સાથે સફળતા કેવી રીતે મેળવી શકાય તેની વાત કરીશું

**● પહેલું સુખ તે જાતે નર્યા, ઉત્તમ આરોગ્ય એટલે સફળતાની શરૂઆત**

આપણા વડીલો દ્વારા કહેવામાં આવ્યું છે કે ‘પહેલું સુખ તે જાતે નર્યા’ એટલે કે આરોગ્યથી ઉત્તમ બીજું કોઈ સુખ નથી. આરોગ્ય સારૂ હોય તો દરેક કામ ઉત્તમર રીતે કરી શકાય છે. તેમા શિક્ષણનો પણ સમાવેશ થાય છે. જો તન અને મન પ્રફુલ્લિત હશે તો વિદ્યા રૂપી ધન મળી રહેશે અને વિદ્યા હશે તો ધનને આવતા વાર નહી લાગે. વળી હવે શિયાળો બેસી ગયો છે અને અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં કડકડતી ઠંડી પડે છે, લીલા શાકભાજી અને ફળો આવતા થઈ ગયા છે. જઠરાગ્નિ જલ્દી પ્રદિપ્ત થાય છે અને ભોજનનું પાચન પણ ઝડપથી થતું હોય છે. ત્યારે ખાઈ પીને મોજ કરવાનો આ ઉત્તમ સમયગાળો હોવાથી જેટલા વધુ પ્રમાણમાં પૌષ્ટિક આહાર લેવામાં આવે તેટલી તંદુરસ્તી જળવાઈ રહે અને આખા વર્ષના આરોગ્યનું ભાથું આ બેથી ત્રણ મહિના દરમ્યાન મળી રહે છે. તો ચાલો આજે આપણે શિયાળામાં ઉત્તમ આરોગ્ય કેવી રીતે જાળવી શકાય તેની વાતો કરીશું. મિત્રો આપણે ત્યાં શિયાળાની મોસમ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. તેનું કારણ એ છે કે ગુજરાત પ્રદેશમાં સહન ના કરી શકાય તેવી ઠંડી પડતી નથી. ફુલ ગુલાબી ઠંડીની મોસમ હોય છે કે જે શરીર સહન કરી શકે તેટલું તાપમાન નીચુ જતું હોય છે. બીજા પ્રદેશો જેવું નથી કે માઈનસમાં તાપમાન જતું રહે અને ઘરની બહાર પણ જવું મુશ્કેલ થઈ જાય છે. આથી માણી શકો તેવી મજાની ઠંડી પડતી હોય છે. આથી હરવા-ફરવાની અને ખાવા પીવાની ખૂબ જ મોજ પડી જાય છે. વળી શિયાળાની ઋતુમાં ફળો, શાક, ભાજીની સૌથી વધુ વેરાયટી આ ઋતુમાં ઉપલબ્ધ હોય છે તે આરોગવાની મજા જ કંઈક અલગ હોય છે. વળી ગુજરાતી ઘરોમાં સદીઓથી વસાણા ખાવાનો રિવાજ છે. અડદિયો, બદામ પાક, ગુંદર પાક, મેથી પાક, ખજૂર, ખજૂર અને ડ્રાયફ્રુટ આધારિત મિઠાઈઓ આરોગવામાં આવે છે. જો તમે આ મોસમ દરમ્યાન સમતોલ આહાર અને કસરત કરશો તો બોડી એટલું સરસ થઈ જશે કે તમને જીવન જીવવાનો એક અલગ જ આનંદ આવશે.

**● આહાર અને કસરતનો સંગમ એટલે જીવનનો અનેરો આનંદ**

મિત્રો ઉપર જણાવ્યા મુજબ મેં શિયાળાની વાત કરી તો ફુલ ગુલાબી ઠંડીમાં ભોજનનું પાચન ઝડપથી થતું હોય છે અને વિપુલ પ્રમાણમાં ભોજનની વેરાઈટી મળી રહે છે. આથી તમારે તમારા ડોક્ટરની સલાહ, તમારા પોતાના શરીરને શું અનુકુળ આવે છે તે, વડીલોની સલાહ અને ડાયેટીશીયનના માર્ગદર્શન જેમાંથી તમને જે યોગ્ય લાગે તે પસંદ કરીને તમારું શરીર મજબૂત બને તે દિશામાં આગળ વધી શકો છો. જેમ તમે શિક્ષણ માટે એક યોગ્ય ટાઈમ ટેબલ બનાવો છો અને તે આધારે અભ્યાસ કરો છો. તેવી જ રીતે કસરત માટે પણ સમયની ફાળવણી કરી શકો છો અને આગળ વધી શકો છો. યોગ્ય કસરત કરવી પણ જીવનમાં ખૂબ જ જરૂરી છે. સૌથી પહેલા તો તમારા શરીરની અનુકૂળતા મુજબ ડાયેટ પ્લાન બનાવવો જોઈએ. આ ડાયેટ પ્લાનમાં ક્યારે જમવું અને ક્યારે ના જમવું, શું ખાવું અને શું ના ખાવું, ખાવું તો કેટલા પ્રમાણમાં અને કેટલી વાર ખાવું, તેનું પાચન કરવા માટે કેવી કસરતો કરવી અને જીવન શૈલી રાખવી તે તમામ બાબતોનો સમાવેશ થાય છે. આ બાબતે એક ચોક્કસ ટાઈમ ટેબલ બનાવવાનું હોય છે અને તેનું પાલન કરવાનું હોય છે. શરૂઆતમાં તમને ખૂબ જ અઘરૂં લાગશે અને કંટાળો આવશે. શરીરમાં પણ ફેરફાર થતા દેખાશે અને અંતે એમ થશે કે આગળ વધવું નથી. પરંતુ જો તમે મનમાં ગાંઠ વાળી દેશો કે ના મારે ગીવ અપ નથી કરવું અને આગળ જ વધવું છે તો થોડા સમયમાં તમને તેની આદત પડી જશે અને પછી તો તેના વગર દિવસ અધૂરો લાગશે. આથી સવારે વહેલા ઊઠીને કે સાંજના સમયે જો યોગ્ય કસરત કરવામાં આવે તો ઉત્તમ બની રહેશે. એક બાબત ખાસ યાદ રાખવી જે જીમ્નેશીયન જોઈન કરવું કે પછી કોઈ મોંઘાદાટ ડાયેટીશયન રાખવા પડશે તેવો ખ્યાલ મનમાં પણ લાવવો નહી. કારણ કે અંકિત બૈયનપુરિયા સહિતના અનેક યુવાનો છે કે જેઓ અતિગરીબ અવસ્થામાંથી ગુજરી ચૂક્યા છે અને તેઓ આપણી સદીઓ પુરાણી ભારતીય કુસ્તી પ્રથામાં કરવામાં આવતી કસરતો અને ડાયેટના આધારે પોલાદી અને આકર્ષક શરીરના સ્વામી બન્યા છે. આથી તમને જ્યારે અનુકૂળ લાગે ત્યારે શરૂઆત કરી દેવી.

**● જો કસરત ના કરી શકો તો શું કરવું ?**

જો તમારી દિનચર્યા એવી હોય કે તમને ટાઈમ જ ના મળતો હોય અથવા તો તમને કંટાળો આવતો હોય તો તેના પણ રસ્તા છે. સ્ટ્રીક્ટ ડાયેટ પ્લાન કરવો જરૂરી નથી. તમારા રોજના આહારમાં જ જો સંતુલન લાવી દેશો તો આપોઆપ તેની હકારાત્મક અસરો શરીર ઉપર થવા લાગશે. સૌથી પહેલા તો તળેલો ખોરાક, બહારની મસાલેદાર વાનગીઓ,બ્રેડ, ચીઝ, મેયોનીઝ, જાત-જાતના પ્રીઝર્વડ સોસીસ હોય તેવી વાનગીઓ ખાવી નહી. દેશી પદ્ધતિનું ભોજન ઉત્તમ ભોજન ગણાય છે. રોટલીના બદલે બાજરી કે અન્ય ધાનનો રોટલો, રોટલી કે ભાખરીને રોજના આહારમાં ઉમેરી શકાય છે. ભોજનમાં રાંધેલો ખોરાક અને કાચા ફળો અને શાકભાજીને ૫૦-૫૦ના રેશિયો મુજબ આરોગવામાં આવે તો કસરત કરવાની પણ જરૂર નથી. વળી દિવસમાં તમે બને તેટલું મહેનતનું કામ કરી શકો તેનું ધ્યાન રાખો. નજીકમાં ક્યાંય જવું હોય તો વાહનના વપરાશના બદલે ચાલતા જાવ, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરી શકાય, લીફ્ટથી ચડ ઉતર કરવાના બદલે દાદરાનો ઉપયોગ કરો. વહેલા સૂઈને વહેલા ઉઠવાની આદત પાડો. ઘરના કામમાં મદદ કરો તે પણ એક જાતની કસરત જ છે. તો મિત્રો જો આ બધી બાબતોનું ધ્યાન રાખશો તો તમારૂં શરીર સૌષ્ઠવ ખૂબ જ સારુ રહેશે અને જીવનનો આનંદ જ કંઈક અનેરો રહેશે.

# માંગરોળમાંથી એમડી ડ્રગ્સના મોટા જથ્થા સાથે એકની ધરપકડ કરતી જૂનાગઢ એસઓજી

## રૂા.૬ લાખ ૮૨ હજારનું એમડી ડ્રગ્સ પકડાતાં ચકચાર



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે છેલ્લા ઘણા સમયથી એમડી ડ્રગ્સનો મોટો વેપલો ચાલી રહ્યો હોવાનું ચર્ચાય રહ્યું છે. એ દરમ્યાન માંગરોળના અનેક યુવાનો એમડી ડ્રગ્સ ના રવાડે ચડી પોતાનું યુવાધન પણ તબાહ કરી રહ્યા છે અને માંગરોળના અનેકવિધ યુવકો એમડી સાથે ઝડપાયા પણ છે. એમડીનું આ પાગેરૂ મુંબઈ સુધી જાય છે અને મોટા માફીયાઓ પડદા પાછળ રહીને માંગરોળમાં લાંબાગાળાથી ડ્રગ્સ નો મોટો વેપલો ચલાવી રહ્યા હોવાનું ઘણા સમયથી લોકોના મુખે હવે ચર્ચાઓ પણ આમ થઈ ગઈ છે. ત્યારે રવિવારે રાત્રે જૂનાગઢ એસઓજીએ માંગરોળના ઈન્દીરાનગર રહેણાંક વિસ્તારમાં ધાડ પાડીને એમડી ડ્રગ્સના જથ્થા સાથે એકની ધરપકડ કરી છે. ચોક્કસ બાતમીના આધારે જૂનાગઢ એસઓજીની ટીમે માંગરોળ બાયપાસ રોડ ઈન્દીરાનગર વિસ્તારમાં નિશારએહમદ બસીરએહમદ શેખ તેમના મકાનમાં પ્રતિબંધિત એમડી ડ્રગ્સનું વેચાણ કરતા હોય ત્યા રેડ પાડી તેમને રંગે હાથે ૬ લાખ ૮૧ હજાર આઠસો રૂપિયા ના ૬૮.૧૮ ગ્રામ એમડી ડ્રગ્સના જથ્થા સાથે નિશારએહમદ ની ધરપકડ કરી હતી. તેની આકરી પૂછપરછ કરતાં આ જથ્થો માંગરોળના જાબીર ઈબ્રાહીમ કુરેશી પાસેથી વેચવા માટે લાવેલ હોવાનું ખુલ્યું હતું. હાલ એસઓજી એ એકની ધરપકડ કરી બંને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ ૮(સી),૨૨(સી), ૨૯ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

માંગરોળમાં લાબા સમયથી એમડી ડ્રગ્સનો મોટો વેપલો ચાલી રહ્યો છે અને આ ગુનાહિત કૃત્ય કરતા અને નવી પેઢીને ખાલસા કરવાની મેલી મુરાદ ધરાવતા ઘણા ઈસ્મો માંગરોળથી પકડાયા પણ છે તેમ છતાં આ કાળો કારોબાર બેરોકટોક રીતે ચાલે છે ત્યારે જીલ્લા પોલીસ આના મુળીયા સુધી પહોંચી કાયમી ધોરણે માંગરોળને ડ્રગ્સથી મુક્તિ અપાવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

અમદાવાદ એડવર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશન દ્વારા આયોજીત

# "AACA ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૩" ની ધમાકેદાર ફાઈનલના વિજેતા ખુશી બ્રીગેડીયર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના સૌથી મોટા એડવર્ટાઈઝિંગ અને મીડીયા એસોસિએશન AACA દ્વારા તાજેતરમાં "AACA ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૩" સીઝન - ૬નું આયોજન ટર્ફ સ્પોર્ટસ, રાજપથ કલબ પાછળ, અમદાવાદ ખાતે સફળતા પૂર્વક કરવમાં આવ્યું. આ રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટ ૧૨ ટીમો વચ્ચે રમાઈ જેમાં એડવર્ટાઈઝિંગ એજન્સીના ૮૪ ખેલાડીઓએ ભાગ લઈને ૨૭ ધમાકેદાર રોમાંચક મેચો દ્વારા તેમની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. અભિક એડવેન્ચર, અજીત એથલેટર્સ, અમોલ એવેન્જર્સ, અશ્વિન વિકટર્સ, હેત હિરોઝ, રેક્સ વોરીયર્સ, કૌશિક કિંગ્સ, ખુશી બ્રીગેડીયર, પી. પી. પેન્થર્સ, આબાદ પ્રાઈડ, રાકેશ રોયલ્સ, યલો સ્પોર્ટસ ટીમો વચ્ચે ધમાકેદાર પરફોરમર્સ સાથે ક્ષણ પ્રતિક્ષણ ખુબ જ રોમાંચક બનતી રહેલી મેચોમાં "ખુશી બ્રીગેડીયર" ની ટીમ ઝળહળતા રમત પ્રદર્શન દ્વારા કપ વિજેતા બની. AACAના પ્રમુખ સમીર શાહ, સેક્રેટરી પ્રદિપ મહેતા, ઉપપ્રમુખ ભદ્રેશ ગાંધી, ટ્રેઝરર હિરેન શાહ તથા એક્ઝિક્યુટિવ કમીટીના સભ્યો પીનલ શાહ, સંદિપ શાહ, પ્રશાંત નારેચણીયા, મનીષ ગાંધી, રાજેન્દ્ર સોની, જગત ગાંધી, હાર્દિક શાહ તથા ક્રિકેટ કમીટીના સાગર ગાંધી તથા મૌલીન સોનીએ વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરી. AACA ના સેક્રેટરી પ્રદિપ મહેતાએ ગ્રાન્ડ



ફિનાલેના અવસરે એસોસિએશન વતી દરેક ટીમ ઓનર્સ, તમામ ખેલાડીઓ, સ્પોન્સર્સ અને પ્રિન્ટ, રેડિયો તથા ટલિવિઝન મીડીયાનો AACA ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૩ના પ્રોત્સાહન અને પ્રસિદ્ધ બદલ આભાર પ્રદર્શિત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે AACA દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ ઉપરાંત વર્ષ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પ, દિવાળી ગેટ-ટુ ગેધર, મીડીયા ફ્રેટરનીટી ટોક, વિદ્યાર્થી પુરસ્કાર, સીનીયર સીટીઝન બહુમાન તેમજ સામાજીક અને વ્યાવસાયિક પ્રગતિ માટેના કાર્યક્રમોનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવે છે.

# અદાણી ગ્રીને સોલર એનર્જી કોર્પો.સાથે ૮૦૦૦ મેગાવોટના સમગ્ર ઉત્પાદનને સાંકળતા ટેન્ડર માટે પાવર ઉપર ચેઝએગ્રીમેન્ટ સંપન્ન

## ૨૫ વર્ષ માટે ૧૭૯૯ મેગાવોટ સોલાર પાવર પૂરો પાડવાને સાંકળતો કરાર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ભારતની વિરાટ અને વિશ્વના અગ્રણી રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં ગજું કાઢનાર અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL)એ ૧,૭૯૯ મેગાવોટ સોલાર પાવર સપ્લાય કરવા માટે સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ (PPA) ના અમલીકરણની જાહેરાત કરી છે.જૂન ૨૦૨૦માં SECI દ્વારા તેને આપવામાં આવેલ સમગ્ર ૮,૦૦૦ સ્ઉના ઉત્પાદનને સાંકળતા સોલાર ટેન્ડર માટે પાવર ઓફ ટેક ટાઈ-અપ આ બાકી PPA ઉપર હસ્તાક્ષર કરવા સાથે અદાણી ગ્રીન એનર્જીએ પૂર્ણ કર્યુ છે, જે વિશ્વનું સૌથી મોટું સોલાર ટેન્ડર હોવાનો રેકોર્ડ નોંધાવ્યો છે.

બે ગિગાવોટના PV સેલ અને મોડ્યુલ ઉત્પાદન સુવિધાઓની સ્થાપનાના સમાવેશ સાથે અદાણી ગ્રીન એનર્જી લિ.એ સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈંડીઆ સાથેના ઉત્પાદન-સંકલિત સોલાર પીવી ટેન્ડરનીકંપનીની પ્રતિબદ્ધતાઓ પરત્વે પ્રગતિ કરી છે.અદાણી એનર્જીએ તેની સહયોગી કંપની મુન્દ્રા સોલર એનર્જી લિ. (MSEL) દ્વારા વાર્ષિક ૨ ગિગાવોટની ક્ષમતા સાથે સોલાર પીવી સેલ અને મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ કાર્યરત કરી દીધો છે.ગુજરાતના મુન્દ્રા ખાતે આવેલ આ પ્લાન્ટમાં AGEL તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી રિન્યુએબલ એનર્જી હોલ્ડિંગ ફોર લિ. દ્વારા MSELના ૨૬%શેર ધરાવે છે.

અદાણી ગ્રીન એનર્જી લિ.ના મુખ્ય કારોબારી અધિકારી અમિત સિંઘે કહયું હતું કે "અદાણી ગ્રીન માત્ર ભારતના ડીકાર્બોનાઈઝેશન લક્ષ્યોને પામવા માટે જ નહીં પરંતુ આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં પણ યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. અમે સૌથી મોટા ગ્રીન પીપીએને આખરી કરવા સાથે ટકાઉ ઊર્જા લેન્ડસ્કેપને સક્ષમ કરતા આનંદ અનુભવીએ છીએ.અદાણી ગ્રીને હવે આ સાથે ૧૯.૮ GW ના PPA સાથે જોડાણ કર્યુ છે અને તેના ૨૦.૬ GW લોક-ઈન પોર્ટફોલિયોમાં બાકીની મર્ચન્ટ



ક્ષમતા છે. ભારતના સંસાધન સમૃદ્ધ વિસ્તારોમાં બે લાખ એકરથી વધુ જમીન પહેલેથી જ આવરી લેવાયેલી હોવાથી ૨૦30 સુધીમાં ૪૫ ગીગાવોટ ક્ષમતાના અમલ માટે પોર્ટફોલિયો સંપૂર્ણપણે જોખમમુક્ત છે.ચાલુ દાયકાના અંત સુધીમાં ૫૦૦ ગિગાવોટની બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાના ભારતના લક્ષ્યાંકને અનુરૂપ અદાણી ગ્રીન ૪૫ GW થી વધુ રિન્યુએબલ એનર્જી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે. અમારા હાલના ઓપરેટિંગ પોર્ટફોલિયો કરતાં આ પાંચ ગણો વધારો છે. સસ્તી અને સુલભ સ્વચ્છ ઊર્જા પૂરી પાડવાના અમારા સંકલ્પની આ બાબત પુનઃપુષ્ટી કરે છે." એમ તેમણે ઉમેર્યું હતું.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધાની સફળતાપૂર્વક પુર્ણાહુતિ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

હાલ ગુજરાત રાજ્યમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધા મહા અભિયાન ૨૦૨૩/૨૪ ચાલી રહ્યું છે ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા સફળતા પૂર્વક પૂર્ણ થઈ છે. દ્વારકા તાલુકાના તમામ ગ્રામ્ય તથા દ્વારકા નગરપાલિકા વોર્ડ કક્ષાના વિજેતાઓ ગઈકાલે દ્વારકાની એન.ડી.એચ. હાઈસ્કુલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે દ્વારકા તાલુકા શિક્ષણ અધિકારી શ્રી સુવ, દ્વારકા યોગગુરૂ કિશોરભાઈ પાઢ(ગાંધી સાહેબ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા યોગ કોર્ડીનેટર ધનાભા જડિયા, યોગ કોચ ગિરધરભાઈ જોશી, યોગ ટ્રેનર સશીભાઈ પુરોહિત, શીતલબેન મંગેરા, આરતીબેન જોશી, ભક્તિબેન મજીઠીયા વગેરે નિર્ણાયકોની હાજરીમાં સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ સંપન્ન થઈ હતી. સહાયક સ્ટાફ તરીકે બીનાબેન સવાણી, મયુરધ્વજસિંહ ઝાલા તેમજ અન્ય સહાયકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકા તાલુકાના વિજેતાઓ આગામી ૨૬ ડિસેમ્બરના રોજ વારોતરીયા સ્કૂલ ખંભાળિયા ખાતે સવારે ૮:૩૦ વાગ્યે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર અશોક શર્માના અધ્યક્ષસ્થાને સુશાસન દિવસની ઉજવણી કરાઈ

## સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતાની દ્રષ્ટીએ શ્રેષ્ઠ કામગીરી કરનાર કચેરીઓને સન્માનિત કરાઈ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

ભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં ગુડ ગવર્નન્સ ડે - સુશાસન દિવસની ઉજવણી સમગ્ર રાજ્યમાં કરવામાં આવી છે. જે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર અશોક શર્માના અધ્યક્ષસ્થાને સભાખંડ, જિલ્લા કલેકટરશ્રીની કચેરી ખાતે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ -૧, ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ તકે જિલ્લા કક્ષાની કચેરીઓમાં સ્વચ્છતા અભિયાન-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત સ્વચ્છતાની દ્રષ્ટીએ કરેલી શ્રેષ્ઠ કામગીરી માટે ૩ કચેરીઓને સન્માનિત કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત સ્વચ્છતાની દ્રષ્ટીએ કરેલી શ્રેષ્ઠ કામગીરી માટે વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ખંભાળિયાને બેસ્ટ કચેરી તરીકે, મામલતદારશ્રીની કચેરી, ખંભાળિયાને ઈમર્જીંગ કચેરી તેમજ ભૂસ્તશાસ્ત્રીની કચેરીને એસ્પીરીંગ કચેરી તરીકે સન્માનપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી. આ તકે જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી, નાયબ પોલીસ અધિક્ષક શ્રી પ્રજાપતિ, ખંભાળિયાના મામલતદાર વિક્રમ વરૂ, ભૂસ્તશાસ્ત્રી કે.જે.રાજપુરા તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેવભૂમિ દ્વારકાઃ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત

# કલ્યાણપુરનાં સણોસરી ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ઉમળકાભેર સ્વાગત કરાયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક વ્યક્તિ સુધી સરકારના યોજનાકિય લાભો પહોંચાડવની સાથે વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્યથી સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો છે. જે અનવ્યે દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિત તમામ જિલ્લાઓમાં સરકારશ્રી દ્વારા પ્રજા કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થી અને નાગરીકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતી ફેલાવવા સમગ્ર રાજ્યમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું હતું. ગઈકાલે દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં કલ્યાણપુર તાલુકાનાં સણોસરી ગામમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથનું આગમન થતા ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારી સ્વાગત કર્યુ હતું. વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને તેના ઉદ્દેશ વિષે ગ્રામજનોને માહિતગાર કરાયા હતા. તેમજ વિવિધ શાખાઓના અધિકારીઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, પી.એમ કિસાન સન્માન નિધી, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, આઈ.સી.ડી. એસ વિભાગ, પશુપાલન માટેની વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ લાભાર્થીઓએ યોજનાના મળેલા લાભો વિષે વાત કરી અન્યને યોજનાથી માહિતગાર કર્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતું ધરતી કહે પુકાર કે નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

# ઉનામાં રૂા.૧.૧૦ લાખની મતા સાથેનો થેલો માલિકને પરત કર્યો



ઉના તા. ૨૬

ઊના શહેરમાં ઊના પોલીસની સર્વલન્સ સ્ક્વોડના પીએસઆઈ સી.બી.જાડેજા, એ.એસ.આઇ. ડી.એમ. પરમાર, એસ.આર.ડી. સંજયભાઈ વ્યાસ, જી.આર.ડી. પારસગીરી ગોસ્વામી પેટ્રોલિંગમાં હતા ત્યારે ઊના શહેરમાં ગીરગઢડા રોડ ઉપર ફાયર બ્રિગેડ સ્ટેશન સામે રોડ કાંઠે એક બિનવારસી થેલો મળી આવતા ઊના પોલીસ સ્ટેશને લાવી પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામીને બતાવતા ખોલતા તેમાં રોકડ રૂપિયા ૧લાખ ૧૦ હજાર હતા અને આધારકાર્ડ હતું. તેની ઉપરથી મૂળ માલિક પ્રફુલભાઈ બોઘાભાઈ ટાંક રે.મેકપુર તા. વેરાવળ જીલ્લા ગીર સોમનાથને શોધી મોબાઈલ નંબર મેળવી પોલીસ સ્ટેશને બોલાવી પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામીએ પરત આપી પોલીસ પ્રજાનો મિત્રનું સૂત્ર સાર્થક કરેલ હતું.

# સુત્રાપાડા ખાતે બસ સ્ટેન્ડ બનાવવા તાલુકા પંચાયતના પ્રમુખની માંગણી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૨૬

વેરાવળ તાલુકામાંથી સુત્રાપાડા તાલુકા અલગ પડયો છે અને સુત્રાપાડાને તાલુકા મથક બનાવેલ છે. તેમજ સુત્રાપાડા ખાતે એશિયાનો સૌથી મોટો સોડા એસ પ્લાન્ટ પણ આવેલ છે તેમજ તાલુકા ગુજરાત સિધ્ધી સિમેન્ટ કંપની પણ આવેલ છે અને તાલુકાના ૪૭ ગામડા પણ આવેલ છે તેમજ ત્રણ બંદરો પણ આવેલ છે. તેથી આ સુત્રાપાડા તાલુકા મથકે એસટી ડેપો મંજુર કરવામાં આવે તો આ વિસ્તારના લોકોને અમદાવાદ, ગાંધીનગર, જૂનાગઢ, રાજકોટ વિગેરે સ્થળે જવામાં ફાયદો થાયતે હેતુથી સુત્રાપાડા તાલુકા પંચાયત પ્રમુખ ખીમાભાઈ દ્વારા લાગતા વળગતાને પત્ર લખીને માંગણી કરેલ છે.

# માણાવદરમાં જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉકાળાનું વિતરણ

માણાવદર તા. ૨૬

માણાવદરમાં જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિયાળાની ઋતુને ધ્યાને રાખી એક મહિના માટે વિનામૂલ્યે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પોલીસ સ્ટેશન પાસે સવારે શરૂ કરવામાં આવેલ છે. ટ્રસ્ટ દ્વારા દર ૧૫ બોટલ લાઈવ બ્લડ ડોનેટ કરે છે. મેડીકલ સાધનો આપે છે, સરકારી દવાખાનામા મૃત વ્યક્તિ માટે ખાપણ પુરૂં પાડવું, દરરોજ બપોરે ૧૬૦ વ્યક્તિને ટીફીન પુરૂં પાડવા સહિતની પ્રવૃતિઓ કરવામાં આવે છે. કોરોના કાળમાં પણ ટીફીન સેવા અવિરત ચાલુ રાખેલ હતી. આ ઉપરાંત ગાયોને લાડવા ખવડાવવાની પણ પ્રવૃતિ આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

'ગીતા'માં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનના પ્રશ્નોના આપેલા જવાબ છે, તો ઉપનિષદોમાં પણ ઋષિમુનિઓ અને શિષ્યો વચ્ચેના સવાલ-જવાબ છે

# જ્ઞાનગુરૂ ક્વિઝ ગુરૂ-શિષ્યો વચ્ચેના પ્રશ્નોતરની પ્રાચીન ભારતીય પરંપરાપ્રથાને વડાપ્રધાનના નેતૃત્વમાં આધુનિક ઢબે શિક્ષણ ક્ષેત્રના વિકાસને આગળ લઈ જવાનો એક ઉપન્યાસ છે : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ



## આજની પેઢી 'ગૂગલ ગુરૂ'પાસેથી મેળવતી માહિતીને આ જ્ઞાનગુરૂ ક્વિઝ સવાલ-જવાબની સમૃદ્ધ પરંપરાને ૨૦૪૭ના સુવિકસિત ભારતના નવનિર્માણરૂપ વિશ્વગુરૂ બની રોડમેપ કંડારશે

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા. ૨૬

"જ્ઞાનગુરુ ક્વિઝ ગુરુ-શિષ્યો વચ્ચેના પ્રશ્નો'તરની પ્રાચીન ભારતીય પરંપરાપ્રથાને વડાપ્રધાનના નેતૃત્વમાં આધુનિક ઢબે શિક્ષણ ક્ષેત્રના વિકાસને આગળ લઈ જવાનો એક ઉપનિયાસ છે જેને આજની પેઢી 'ગૂગલ ગુરુ'પાસેથી મેળવતી માહિતીને આ જ્ઞાનગુરુ ક્વિઝ સવાલ-જવાબની સમૃદ્ધ પરંપરાને ૨૦૪૭ના સુવિકસિત ભારતના નવનિર્માણરૂપ વિશ્વગુરૂ બની રોડમેપ કંડારશે તેવુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત "ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)" નો વિધિવત રીતે શુભારંભ કરાવતા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓને સંબોધતા ઉમેર્યું હતુ કે, આજની પેઢી 'ગૂગલ ગુરુ'પાસેથી મેળવતી માહિતીને આ "જ્ઞાનગુરુ ક્વિઝ" 'સવાલ-જવાબની સમૃદ્ધ પરંપરાને ૨૦૪૭ના સુવિકસિત ભારતના નવનિર્માણરૂપ વિશ્વગુરૂ બની રોડમેપ કંડારશે'. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આપણા વિદ્યાર્થીઓ-યુવાનો દેશ-દુનિયાના પ્રવાહોથી સતત અપડેટ રહે, તેમની જિજ્ઞાસા વૃત્તિ કેળવાય અને યુવા શક્તિ જ્ઞાનસભર, માહિતીસભર બને તેવી વડાપ્રધાનની નેમને પાર પાડવા ગુજરાત સરકારે આ ક્વિઝરૂપી અભિનવ પહેલ વર્ષ-૨૦૨૨થી શરૂ કરી છે. જે શિક્ષણની મહત્તા સ્પષ્ટ કરે છે કે શિક્ષણ માનવીને જીવનમાં નવું જાણવાની, નવું શીખવાની અને નવું કરવાની રૂચિ અને વૃત્તિ જ મનુષ્યની પ્રગતિ માટેના સબળ પ્રવૃત્તિ છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ દરેક ક્ષેત્રે નવીનપણે વિચારવાની, નવુ કરવાની પ્રેરણા આપી છે. સવાલ-જવાબની પરંપરા ભારતની પ્રાચીન પરંપરાપ્રથા રહી છે. 'ગીતા'માં ભગવાન કૃષ્ણે અર્જુનના પ્રશ્નોના આપેલા જવાબ છે, તો ઉપનિષદોમાં પણ ઋષિમુનિઓ અને શિષ્યો વચ્ચેના સવાલ-જવાબ છે તેની વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે આ પ્રકારની પ્રથાને 'જ્ઞાનગુરુ ક્વિઝ' એક આધુનિક ક્વિઝના માધ્યમથી યાદશક્તિના આધારે જવાબો આપવાની અને મનન ચિંતન કેળવાનો, સમૃદ્ધ ભારતના નવનિર્માણરૂપ માહિતીસભર અને ફ્યુચર રેડી ભાવિ પેઢી તૈયાર કરવાનું દૂરંદેશીભર્યું પગલું પ્રેરણારૂપ પ્રયાસ બની રહેશે. ગત વર્ષની ક્વિઝની આંકડાકીય માહિતી આપતાં મુખ્યમંત્રીએ કહયું હતું કે વર્ષ ૨૦૨૨માં યોજાયેલી જ્ઞાનગુરુ ક્વિઝમાં રાજ્યભરના ૨૩ લાખથી વધુ નાગરિક સામેલ થયા હતા, જેમાંથી ૧ લાખ ૩૦હજારથી વધુ વિજેતાઓને રાજ્ય સરકાર દ્વારા ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા મુખ્યમંત્રીએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે વર્ષ ૨૦૨૩ ની આ જ્ઞાનગુરુ ક્વિઝ પાછલા વર્ષના તમામ રેકોર્ડ તોડશે. શાળાકીય જીવન દરમિયાન ગાંધીજીએ સાચો સ્પેલિંગ લખવા નકલ કરવા કરેલા ઈક્રારના પ્રસંગ અને વડાપ્રધાનએ "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પરીક્ષામાં નકલથી નહી પરંતુ મહેનતથી પાસ થવાની, આગળ વધવાની પ્રેરણા આપી છેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જીવનની પરીક્ષામાં પાસ થવા માટે પ્રમાણિકતાનો ગુણ અને એ માટેનું મક્કમ મનોબળ કેળવવા અગત્યના છે. આ ક્વિઝનું આયોજન વિદ્યાર્થીઓને જ્ઞાન શક્તિ અને આત્મશક્તિ પુરવાર કરવાનો મોકો છે. વડાપ્રધાનના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રનો વિકાસ આભને આંબ્યો છે. પ્રિ-વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪માં એડવાન્સ એજ્યુકેશન સેક્ટરમાં સ્ટ્રેટેજીક પાર્ટનરશીપના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે તેમ જણાવતા ઉમેર્યું હતું કે શિક્ષણ સહિતના દરેક ક્ષેત્રમાં નવા અને હકારાત્મક બદલાવ કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનની વિકસિત ભારત-૨૦૪૭ના નિર્માણની હાકલ સફળ બનાવવામાં ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ જેવા નવતર પ્રયોગો મદદરૂપ થશે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ આજથી યુવાપેઢી કંડારશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

આ તકે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વિકસિત ભારતના નિર્માણ માટે આજના વિદ્યાર્થીઓ શિક્ષિત અને દીક્ષિત હોય તે આવશ્યક છે. નાગરિકો માટે સરકાર દ્વારા અમલમાં મુકાયેલી યોજનાઓ વિષેની માહિતી નાગરિકોને હોવી જરૂરી છે. આવનારા સમયમાં દેશ વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે સમગ્ર દુનિયાની નજર ભારતના યુવાનો ઉપર છે. ૨૦૪૭નાં વિકસિત ભારતનાં નિર્માણની જવાબદારી જેનાં શિરે છે તેવા યુવાનો વિજ્ઞાન, ઈતિહાસ, વિકાસ, સમાજ, રાજકારણ સહિતનાં વિવિધ ક્ષેત્રોની વિવિધ બાબતો અને વાસ્તવિક જીવનમાં ઉપયોગી નીવડે તેવા જ્ઞાનથી પૂર્ણપણે અપડેટ હોય તે અતિ આવશ્યક છે, જેને ધ્યાનમાં રાખીને આ ક્વિઝની રૂપરેખા ઘડવામાં આવી છે.

મંત્રી જગદીશ વિશ્વકર્માએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સાચા એમ્બેસેડર યુવા વિદ્યાર્થીઓ છે. મંત્રીએ જ્ઞાનગુરૂ ક્વિઝમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને "નમો એપ" પર વિકસિત ભારત એમ્બેસેડર ક્વિઝ વિશે માહિતી આપતા સામેલ થવા અનુરોધ કર્યો હતો તેમજ ક્વિઝમાં સમાવિષ્ટ ઈતિહાસ, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનને લગતા ઉદાહરણરૂપ પ્રશ્નો રજૂ કરી વિજેતાઓને આપવામાં આવનાર ઈનામોની રૂપરેખા આપી હતી.

શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત ઝડપી વિકાસ કરી રહ્યુ છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓ લોકો સુધી પહોંચે અને ગુજરાતના નાગરિકો અને વિદ્યાર્થીઓ જ્ઞાનસમૃધ્ધ બને તે માટે શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત જ્ઞાનગુરૂ ક્વિઝ G3Q-2.0 નું આયોજન કરવામાં આવ્યું છે.

ઉદઘાટન કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. મહાનુભાવોનું સ્વાગત પુસ્તક અને મોમોન્ટો દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ રિમોટ દ્વારા રાજયવ્યાપી ક્વિઝનો વિધિવતરીતે પ્રારંભ કરાવ્યો હતો. શિક્ષણમંત્રીએ આ પ્રસંગે રમાયેલ ક્વિઝમાં ભાગ લેનારા લગભગ ૨૭૩૭ જેટલા વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ત્રણ વિજેતાઓની જાહેરાત કરી હતી, જેને મુખ્યમંત્રીના વરદહસ્તે ઈનામ આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૪ ડિસેમ્બર,૨૦૨૩થી લઈને કુલ ૧૦ અઠવાડિયા માટે ક્વિઝ રમાડવામાં આવશે. ૧૦ અઠવાડિયા સુધી દર રવિવારથી શુક્રવાર (૦૬ દિવસ) સુધી સવારના ૦૮:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી ક્વિઝ રમી શકાશે. ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q2.O) અંતર્ગત અંદાજીત ૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને ક્વિઝ રમાડવામાં આવશે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સાંસદ મોહનભાઈ કુંડારિયા તેમજ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વ ડો. મહેન્દ્ર પાડલિયા, ડૉ. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશ ટિલાળા, અગ્રણી ભરતભાઈ બોઘરા, મુકેશ દોશી, ઉચ્ચ શિક્ષણ અને ટેકનોલોજી વિભાગના સચિવ મુકેશ કુમાર, ઉચ્ચ શિક્ષણ નિયામક પી.બી. પંડ્યા, કલેક્ટર પ્રભવ જોશી, પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર નીલાંબરી દવે, કે.સી.જી.ના સલાહકાર એ.યુ. પટેલ તેમજ શિક્ષણ વિભાગના અન્ય અધિકારીઓ, શાળા કોલેજના આચાર્યઓ, શિક્ષણવિદો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ભારતીય નૌ સેનાના ત્રણ જહાજ અરબી સમુદ્રમાં રવાના



(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૨૬

આંતરારાષ્ટ્રીય રાજકારણના ભાગ સ્વરૂપની બે દિવસ પહેલા બનેલ ભારતીય તેલ વાહક જાહજો પરના ડ્રોન હુમલા અને જેમાં સૌ પ્રથમ વખત અરબી સમુદ્રમાં ભારતીય એકસકલયુઝિવ ઈકોનોમિક ઝોન વિસ્તાર ની બહાર બોર્ડર પર થયેલ હુમલા એ ભારત સરકારને આંતરારાષ્ટ્રીય ફલક પર ઈઝરાઈલ-હમાસ્ વચ્ચેના યુધ્ધમા પોતાની ભૂમિકા સ્પષ્ટ કરવાની ચેતવણી સમાન જણાતી આ ઘટનાના ગંભીર પડઘા પડ્યા હોય તેમ ભારતીય નેવીના ત્રણ ત્રણ જહાજ આઈ.એન.એસ. મોર્મુગો આઈ.એન.એસ.કોચી અને આઈ.એન.એસ.કોલકતા ને અરબી સમુદ્ર મા તૈનાત કર્યા છે. જે સામાન્ય જણાતી ઘટના હવે અરબી સમુદ્રમા ભારતીય નૌ સેનાની ભૂમિકા આવનારા દિવસો મા આંતરરાષ્ટ્રીય આંતકવાદ મા સામેલ દેશો ને પોતાના સંયમમા રહેવાની ખુલ્લી ચેતવણી સમાન બની રહેશે કે તેમના દ્વારા પડકાર ઝીલવામાં આવશે અને હજુ ભારતીય તેલ વાહક કે માલવાહક જાહજો પર ડ્રોન હુમલા ચાલુ રાખે છે તે દર્શાવી આ યુધ્ધ ની ભૂમિ મા હાલ જે રેડ-સી મિડલ ઈસ્ટ બાદ અરબી સમુદ્ર તરફ પ્રસરે છે કે નહી તે સ્પષ્ટ થશે. બીજી બાજુ ગત તારીખ ૨૩.૧૨ ૨૩ દરમ્યાન અરબી સમુદ્રમા આંતરરાષ્ટ્રીય આંતકવાદના હુમલાનો ભોગ બનેલ જાપાન મા રજીસ્ટર થયેલા અને આફ્રિકન દેશ લાઈબિરિયા નો ફલેગ લગાવી ભારતીય નાવિકો દ્વારા સંચાલિત કેપ ટાઉન જાહજ કે જેને તાત્કાલિક મદદ માટે પહોંચેલ ભારતીય તટ રક્ષક્ દળ (ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ)ની બોટ આઈ.સી.જી.એસ. વિક્રમ તેને મુંબઈ બંદરે લાવેલ્ છે તેની એફ.એસ.એલ. અને દેશની દરેક સુરક્ષા એજેન્સીઓ તપાસ મા લાગેલ છે.ત્યારે આ હુમલામા વાપરાયેલ ડ્રોન ક્યાંથી ઉડયું અને ક્યાં દેશની બનાવટનું છે. તે સ્પષ્ટ થશે અને તેના પરથી આ ઈઝરાઈલ-હમાસ્ યુધ્ધમા ભારતની આવનારા દિવસો માટેની આંતરરાષ્ટ્રીય ફલક પરની ભૂમિકા સ્પષ્ટ થશે.

# ગિરનારની પરિક્રમા કરવા આવેલ ભાવિકનો મોબાઈલ ચોરાયાની પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

ગિરનારની લીલી પરિક્રમા દરમ્યાન મોબાઈલ ફોનની થયેલ ચોરી અંગે ૧ મહિના બાદ ફરિયાદ કરવામાં આવતા પોલીસે આગળની કાર્યવાહી કરી હતી. આ અંગેની વિગતો એવી છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોટા દેવડીયા ગામના કાળુભાઈ હમીરભાઈ સોલંકી ગિરનાર પરિક્રમા કરવા આવ્યા હતા ત્યારે ૨૩ નવેમ્બરના રોજ બપોરે ભવનાથમાં જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે આવેલ અન્નક્ષેત્રમાં જમવા માટે લાઈનમાં ઊભા હતા ત્યારે તેમના શર્ટનાં ખિસ્સામાંથી રૂપિયા ૧૨,૬૨૬ની કિંમતનો મોબાઈલ ફોનમાં પડી ગયો હતો. જેની શોધખોળ કરવાં છતાં પણ નહિ મળતા અજાણ્યો ઈસમ મોબાઈલ ચોરી કરી ગયો હોવાની યુવાને ઈએફઆઈઆર કરી હતી. જેના આધારે ભવનાથ પોલીસે ૨૫ ડિસેમ્બરે વિધિવત ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બિઝનેસ લીડરશીપ એવોર્ડ - ૨૦૨૩માં શ્રી નિખિલભાઈ ભટ્ટ "Best Research Analyst" એવોર્ડથી સન્માનિત...!!





૧૬ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ ઈન્ડિયા ન્યુઝ બિઝનેસ ચેનલ - દિલ્હી દ્વારા આયોજીત બિઝનેસ લીડરશીપ એવોર્ડ - ૨૦૨૩ સન્માન સમારોહમાં ભારતીય શેરબજારના એનાલીસ્ટોમાં જેમનું નામ સફળતાના પ્રથમ શિખરે છે અને સ્ટોકમાર્કેટ સાથે પોતીકો સંબંધ ધરાવતા ગુજરાતના યુવા સ્ટોક એનાલીસ્ટ શ્રી નિખિલભાઈ ભટ્ટને દેશના તમામ આમંત્રિત ઉદ્યોગપતિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં મેમ્બર ઓફ પાર્લામેન્ટ શ્રી કાર્તિક શર્માના હસ્તે ''બેસ્ટ રિસર્ચ એનાલિસ્ટ'' એવોર્ડ તેમજ અંદાજીત ૨૦ મિડિયા પાર્ટનર સાથે ચીફ એડિટર શ્રી લવજીત એલેક્ઝાન્ડર, શ્રી કંચન નોટિયાલ દ્વારા બેસ્ટ રિસર્ચ એનાલિસ્ટ સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતાં.

આ કાર્યક્રમ અંતર્ગત બીજા તબક્કામાં પેનલ એનાલિસ્ટ ટીમમાં શ્રી નિખિલભાઈને સ્થાન આપી, દેશના પાંચ ટ્રિલિયન લક્ષ્યાંક સાથેના અર્થતંત્રના ફન્ડામેન્ટલ તેમજ સ્ટોક માર્કેટનું આગામી આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન વિશે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

સ્વભાવે શાંત, સરળ અને મિલનસાર ઉપરાંત અનેક મિત્ર વર્તુળ ધરાવતા શ્રી નિખિલભાઈ ભટ્ટને શેરબજારના સચોટ અને સંપૂર્ણ રીસર્ચ માહિતી આપવા સંદર્ભે ગત વર્ષે પણ ગુજરાતની સુપ્રસિદ્ધ અને લોકપ્રિય ગુજરાતી ન્યૂઝ ટીવી ચેનલ વી ટીવી દ્વારા સ્ટોક માર્કેટમાં 'બેસ્ટ રિસર્ચ એનાલિસ્ટ''નો એવોર્ડ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી નિખિલભાઈ ભટ્ટ શેરબજારના એક માત્ર ISO 9001 : 2015 સર્ટિફાઈડ તેમજ સેબી માન્ય રીસર્ચ એનાલીસ્ટ તરીકે શેરબજારમાં ટ્રેડીંગ સંદર્ભે સચોટ અને સંપૂર્ણ રીસર્ચ માહિતી છેલ્લા ૨૫ વર્ષથી ''ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ'', ''માર્કેટ સ્કેન'', ''માર્કેટ મુવમેન્ટ'', ''માર્કેટ ટ્રેન્ડ'' જેવી આર્થિક કોલમોના માધ્યમથી અંદાજીત ૪૮ દૈનિકપત્રો અને TV મીડિયા તેમજ રોકાણકારો, ટ્રેડરો અને હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોને સચોટ માર્ગદર્શક બન્યા છે.

બિનવિવાદિત આ યુવા પ્રતિભા શ્રી નિખિલભાઈ ભટ્ટ હાલમાં દિલ્હી સ્થિત કન્ઝયુમર કો ઓર્ડીનેશન કાઉન્સીલ (CCC) ફેડરેશન ના સંપૂર્ણ માર્ગદર્શન પ્રવકતા તરીકે ઈન્વેસ્ટર પ્રોટેક્શન કમિટીના ચેરમેન તેમજ ફાયનાન્સિયલ કાઉન્સીલર તરીકે રોકાણકારોને સમ્પૂર્ણ માર્ગદર્શક તરીકે સેવારત છે...!!

સામાજિક સંગઠન સ્તરે શ્રી નિખિલભાઈ ભટ્ટ આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ મહાસંસ્થાની આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ નિવેશક શાખામાં રાષ્ટ્રીય અધ્યક્ષ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્ય કક્ષા) ના પ્રદેશ સંગઠન મંત્રી તેમજ રાષ્ટ્રીય પરશુરામ સેનાના રાષ્ટ્રીય સલાહકાર, બ્રહ્મદેવ સમાજ ના ગુજરાત પ્રદેશ સલાહકાર પદેથી સતત કાર્યશીલ રહી સંગઠનની અતિ મહત્વપૂર્ણ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી તેમની પ્રતિભાનો ઉત્તરોત્તર વિકાસ સાથે ગુજરાત તેમજ બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું છે.


## શ્રદ્ધાંજલિ



સ્વ. કુમારી અનસુયાબેન પુરૂષોત્તમદાસ ઉપાધ્યાય (ઉ.વ. ૭૭)

તા. ૨૫-૧૨-૨૩, સોમવારનાં રોજ અવસાન પામેલ છે.

જીવન હતું નાનું પણ
અનોખી છાપ દિલમાં છોડી ગયા.
તમારી અણધારી વિદાય હૃદયને
આંચકો આપી ગઈ.

ભગવાન તેમના
દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે...

ઉપાધ્યાય પરિવારનાં જયશ્રી કૃષ્ણ

Vibrant GUJARAT 2024 10-12 Jan
Gateway to the Future | 10th Global Summit
Celebrating 20 Years of Vibrant Gujarat

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Gujarat Tourism

# ઉત્સવ એક, અનુભવ અનેક



“હું ખરેખર રોમાંચિત છું કે કચ્છનું ધોરડો ગામ, તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ સન્માન ભારતીય પ્રવાસની ક્ષમતાનું જ નહીં, પરંતુ કચ્છના લોકોના સમર્પણને પણ પ્રદર્શિત કરે છે.

ધોરડો હંમેશા ઝગમગતું રહે અને વિશ્વભરના મુલાકાતીઓને આકર્ષતું રહે!”

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

કલા, સંસ્કૃતિ, પરંપરા, પહેરવેશ અને કુદરતની અસિમિત સુંદરતા વચ્ચે અહીં તમને એ બધું જ મળશે જે તમે ઇચ્છો છો. રણ ઉત્સવની મુલાકાત, અચૂક તમારા જીવનનો સૌથી યાદગાર અનુભવ બની જશે.



## Rann Utsav

**નવેમ્બર 2023 થી ફેબ્રુઆરી 2024**
**ધોરડો-કચ્છ, ગુજરાત, ભારત**

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO

UNWTO World Tourism Organization

વૈભવી ટેન્ટ અથવા સ્થાનિક કચ્છી ભૂંગામાં રહેવાનો આનંદ | કચ્છી હસ્તકલાનું પ્રદર્શન સહ વેચાણ
મનોરંજક સાંસ્કૃતિક પ્રદર્શનો | રોમાંચ-પ્રેમી પ્રવાસીઓ માટે સાહસિક પ્રવૃતિઓ

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉધોગ ભવન, બ્લોક નં. 16, ચોથો માળ, સેક્ટર - 11, ગાંધીનગર - 382 010, ગુજરાત.
વેબસાઇટ: **www.gujarattourism.com** • ટોલ-ફ્રી નંબર: **1800 203 1111**